વીર વલ્લભભાઈ



પ્રસ્થાન કાર્યાલય :: અમદાવાદ

વીર વલ્લભભાઈ

લેખક

મહાદેવ હરિભાઈ દેસાઈ

પ્રકાશક

પ્રસ્થાન કાર્યાલય

અમદાવાદ

પ્રકાશક

રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
પ્રસ્થાન કાર્યાલય
અ મ દા વા દ

આવૃત્તિ પહેલી
સંવત ૧૯૮૪

*

કિં. ૦—૨—૬
ટપાલખર્ચ માફ

મુદ્રક: ગજાનન વિ. પાઠક
આદિત્ય મુદ્રણાલય
રાયખડ રોડ
અમદાવાદ

વીર વલ્લભભાઈ

“ બાપુનો સંદેશ ભાંગ્યો તૂટ્યો પણ લોકોને પહોંચાડનારા કેટલા ઓછા છે? બાકી કોણ આપણે? આપણે કર્યું શું? બાપુએ નાહકના ચઢાવી માર્યા?”

બારડોલીના વિજય માટે ધન્યવાદના તારો ઉપર તારો આવી રહ્યા હતા ત્યારે વલ્લભભાઇએ ઉપર ટાંકેલા શબ્દો ઉચ્ચાર્યા હતા. એટલામાં વલ્લભભાઇએ કરેલું કામ, તેમની ગાંધીજી પ્રત્યેની ભક્તિ, તેમની નમ્રતા બધું આવી જાય છે. એમના કામની કિંમત આંકવાનો આજે સમય નથી, હજી તો કેટલું યે કામ ઇશ્વરે તેમને હાથે કરાવવું ધાર્યું હશે. ભારતના સ્વાતંત્ર્યના ઇતિહાસમાં તેમના સ્થાનની આજે વાત કરવી એ પણ મૂર્ખાઈ ગણાય. આજે તો તેમનો થોડો પરિચય કરીએ એટલું જ.

‘ ટાઇમ્સ ’નો ખબરપત્રી જ્યારે બારડોલીમાં આવીને સ્તબ્ધ થઇ ગયો ત્યારે તેણે વલ્લભભાઇને જોયા વિના તેમના કામની કિંમત આંકી લીધી, અને મુંબઇ જઇને લખ્યું કે બારડોલીમાં ‘ બોલ્શેવિઝમ ’ ચાલી રહ્યું છે, અને તેનો લેનિન વલ્લભભાઈ છે. બારડોલીનું અદ્ભુત સંગઠન લેનિનની સંગઠન-શક્તિની યાદ આપે એવું છે એમાં જરાય શંકા નથી, અને

વીર વલ્લભભાઇ

લેનિનના પ્રત્યક્ષ દર્શન વિના લેનિનની છબિ ઉપરથી કહું તો વલ્લભભાઇ લેનિનને ઠીક મળતા આવે છે. પણ વલ્લભભાઇ સાથે બહુ રહ્યા પછી, તેમની બોલચાલ, તેમનું હાસ્ય, તેમનું તેજ, તેમના રાગ અને આવેશ જોયા પછી તિલક મહા-રાજનું વધારે સ્મરણ થાય છે. એકવાર અચાનક વલ્લભભાઇની લાંબી મૂછો અને મક્કમ જડબાં જોઇને તિલક મહારાજની મૂર્તિ પ્રત્યક્ષ થયેલી ત્યારપછી એ સામ્ય મનમાં વધારેને વધારે દૃઢ થતું ગયું છે. એવી રીતે ઘણીવાર કેટલીક મૂર્તિઓએ ઐતિહાસિક મૂર્તિઓનું સ્મરણ કરાવ્યું છે. દાખલા તરીકે મૌ. શૌકતઅલીને જોઇને બકુનિનની છબિ યાદ આવી છે, શ્રી. વિઠ્ઠલભાઇ પટેલને જોઇને કલેમેન્સો યાદ આવે છે, મુંબઇના એક સુવિખ્યાત વકીલ હમેશા મને સેસિલ રોડ્ઝનું સ્મરણ કરાવે છે, અને મારા મિત્ર કૃપાલાની જ્યારે દાઢી રાખતા ત્યારે એકવાર મળસ્કે ચાર વાગે ચાંદનીમાં તેમની સાથે બનારસ સ્ટેશને જતાં તેમની આખી આકૃતિથી શિવાજી મહારાજનું સ્મરણ થયેલું તે હજી યાદ છે. આ તુલનાઓમા કેવળ કલ્પનાએ નથી કામ કીધું, અવલોકને સારો ભાગ ભર્યો છે, અને જેમ જેમ જે જુદી જુદી વ્યક્તિઓના સમાગમમાં હું આવતો ગયો છું તેમ તેમ બીજી મૂર્તિઓ સાથેનું મે અવલોકેલું તેમનું સામ્ય વધતું જતું લાગ્યું છે. આમાં મારા અવલોકનનો દોષ હોવાનો ભલે સંભવ હોય. ગમે તેમ હો, વલ્લભભાઇને જોઇને જેને તિલક મહારાજ યાદ ન આવતા હોય તેને પણ વલ્લભભાઇ અને તિલક મહારાજની કેટલીક વિશિષ્ટતાઓનું સામ્ય લાગ્યા વિના રહ્યું નહિ હોય એવો મને વિશ્વાસ છે. આ સામ્યનો વિચાર કરતાં તિલક મહારાજની

વીર વલ્લભભાઈ

અગાધ વિદ્વત્તા અને વિપુલ શાસ્ત્રજ્ઞાનને હું ઘડીકવાર ભૂલી જાઉં છું એ કબૂલ કરૂં છું. વલ્લભભાઇને પોતાને આ વિષે કહીએ તો તેઓ તો એ તુલનાને હસી કાઢે છે. તેમને પોતાની મહત્તાનું ભાન બહુ ઓછું હશે, જો કે ઉપર ઉપરથી જોનારાને એમ લાગે કે એ ભાન તેમનામાં વધારેમાં વધારે હશે. આ અવળી છાપ પાડવાની વિશેષતા પણ તિલક મહારાજ અને વલ્લભભાઈ બંનેમાં સમાન છે. ઉપરથી બંને જેટલા અભિમાની લાગે તેટલા જ અંતરથી નિરભિમાન, ઉપરથી જેટલા રૂક્ષ અને પરુષ લાગે તેટલા જ અંતરથી સૌમ્ય અને મૃદુ, ઉપરથી જેટલા અટપટા અને અભેદ્ય લાગે તેટલા જ અંતરથી સરલ અને ઋજુ, ઉપરથી જેટલા ઊંડા જણાય તેટલા જ બંને અંતરથી અળગા.

પણ આ તુલનાને હું આગળ નહિ લંબાવું, કારણ આગળ ઉપર મારે એ જ વસ્તુ ઉપર આવવું છે.

‘મહાપુરુષ’

એમ તો આ બંને મહાજનો વચ્ચે અસામ્ય બહુ જણાય છે. વલ્લભભાઇ ખેડુત કુટુંબમાં જન્મેલા, પોતાની જન્મતિથિની પણ તેમને ખબર નથી. તેમની માતાને ખબર હોય તોપણ તારીખ તો કોઇ જાણતું નથી. ‘નિશાળમાંથી એક ખોટી તારીખ મળે છે ખરી’ એમ ઘણીવાર તેઓ હસતાં હસતાં કહે છે. તિલક મહારાજનો જન્મ તો શિષ્ટ શાસ્ત્રી કુટુંબમાં થયેલો, જન્મથી જ એવા સંસ્કાર કે તિલક મહારાજને તો પોતાના જન્મની તિથિ જ નહિ પણ ઘડી-પળની પણ ખબર હશે. રમતગમતમાં તેમને જેટલું આપણાં શાસ્ત્રોનું અને

ઉત્તમ સાહિત્યગ્રંથોનું જ્ઞાન મળ્યું તેટલું વલ્લભભાઇને કેવળ આસપાસનાં ખેતરોનું અને ગામડાંઓનું મળ્યું હશે. એકવાર મને કહે: "મારા પિતાને મને ભણાવવાનો શોખ બહુ. રોજ સવારના પહોરમાં ખેતરે લઇ જાય, ખેતરમાં કામ કરવા નહિ પણ આવતાં જતાં રસ્તે પાડા બોલાવવા અને પલાખાં ગોખાવવા લઇ જાય. ગુજરાતી સાત સુધી તો ભણ્યા, પણ પછી શું કરવું? અમારી શાળાના માસ્તરને તો બધાને સિનિયર માસ્તર બનાવવાની ભારે હોંશ હતી. મારી પણ એ જ દશા થાત, પણ એવામાં ગામડામાં ગામઠી અંગ્રેજી શાળા નીકળી. આપણે તુરત તેમાં જોડાયા. ત્રણ ચોપડી ત્યાં ભણ્યા. ચોથી અને પાંચમી પેટલાદમાં અને પછી મૅટ્રિક થતાં સુધીમાં નડિયાદ અને વડોદરા એમ બે સ્કૂલો બદલેલી." આમ તિલક મહારાજને જેટલી વ્યવસ્થિત કેળવણી મળી હશે તેટલી જ અવ્યવસ્થિત કેળવણી વલ્લભભાઇને મળી એમ કહેવામાં બાધ નથી.

આ ત્રણે સ્થાનની શાળાઓમાં તેમણે ગાળેલો સમય બાળપણને માટે ઐતિહાસિક કહેવાય એવી ઘટનાઓથી ભરેલો હતો. એ સમયમાં આપણને ભાવી વીર યોદ્ધાનાં દર્શન થાય છે. શાળામાં સ્હેજે સેનાપતિનું પદ ભોગવતા હશે, કારણ ત્રણે ઠેકાણે અનેકવાર શાળા ખાલી કરાવેલી. પેટલાદનો પ્રસંગ તો તેમને યાદ નથી, પણ નડિયાદના અને વડોદરાના પ્રસંગો તેઓ કોકવાર સંભળાવે છે. નડિયાદમાં એક શિક્ષક શાળામાં વાપરવાના સાહિત્યનો વેપાર કરતા હતા તેની સામે એ સાહિત્ય તેમની પાસે ખરીદવા વિરૂદ્ધ હીલચાલ કરેલી. એને અંગે હડતાળ પડી છ દિવસ શાળા બંધ રહેલી. આખરે પેલા શિક્ષકને નમવું પડેલું.

વીર વલ્લભભાઈ

વડોદરાની કારકીર્દી વધારે નોંધવા લાયક છે. નડિયાદથી વડોદરા જવાનું મુખ્ય કારણ ત્યાં અંગ્રેજી વધારે સારૂં શીખવાય છે એમ સાંભળેલું એ હતું. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવામાં તેમને કાંઈ ઝાઝો વિચાર હોય જ નહિ. પેટલાદ ભણતા હતા ત્યારે કરમસદ—જન્મસ્થાને—દર અઠવાડિયે આવે, અને સાત દહાડાનું સીધું બાંધી જાય, ભાડે રાખેલા ઘરમાં સાત આઠ છોકરા રાંધી ખાય. પોતે રાંધવામાં બહુ ભાગ લેતા હોય એમ માનવાને કારણ નથી, કારણ ભવિષ્યમાં રાંધવાની પરીક્ષા થઇ તેમાં તેઓ પાસ ન થયેલા એ આપણે જોશું. પણ બાળપણથી જ ઘર છોડી બહાર જઈ ભણવાનું સાહસ ભાવી સાહસોની આગાહી આપે છે. પણ હવે વડોદરાના પરાક્રમ ઉપર આવું. સંસ્કૃતમાં બહુ રસ પડતો ન હોવાને લીધે મૅટ્રિકમાં આવતાં સંસ્કૃત છોડી ગુજરાતી લીધેલું. ગુજરાતી શીખવનારા તે વેળા શ્રેયઃસાધક અધિકારી વર્ગના પ્રસિદ્ધ ‘ છોટાલાલ માસ્તર ’ હતા. ગુજરાતી શીખવતા, પણ દેવભાષા છોડીને ગુજરાતી શીખવા આવનાર તરફ સ્હેજે તેમને અણગમો રહેતો હશે. જે દિવસે વલ્લભભાઈ તેમના વર્ગમાં જોડાયા તે દિવસે છોટાલાલ માસ્તર તેમને કહે : ‘ આવો મહાપુરુષ ! ક્યાંથી આવ્યા ? સંસ્કૃત છોડી ને ગુજરાતી લો છો પણ સંસ્કૃત વિના ગુજરાતી આવડે જ નહિ એ ખબર છે ? ’ એમ કહીને સંસ્કૃત અભ્યાસના ઘણા લાભો ગણાવ્યા. એટલે વિદ્યાર્થી વલ્લભભાઇ ધીમે રહીને બોલ્યા : ‘ પણ સાહેબ, અમે બધા સંસ્કૃતમાં જ રહેત તો આપ પછી શીખવત કોને ? ’ શિક્ષક ખીજાયા. પાછલા બાંક ઉપર ઊભા રહેવાની સજા થઈ. તે સજા તો સુખે ભોગવી પણ એ ઉપરાંત સજા થઈ તે

ભોગવવાની ના પાડી. શિક્ષકે હુકમ કર્યો: 'મહાપુરુષ! જાઓ, એક એકાંથી દશ એકાં સુધીનો પાડો લખી લાવજો.' એક દિવસ થયો, બે દિવસ થયા, શેના લખી લાવે? માસ્તર સાહેબ રોજ ચીડાતા જાય અને રોજ શિક્ષા વધારતા જાય: 'જાઓ કાલે બે વાર લખી લાવજો', 'કાલે ચાર વાર', 'કાલે આઠ વાર' એમ બસેં પાડા લખવાનો હુકમ થયો ત્યાં સુધી 'મહાપુરુષ'ના ઉપર અસર ન થઇ. શિક્ષક શિક્ષા વધારતા ગયા, અને શિષ્ય શિક્ષા મૂંગે મોઢે સાંભળતા ગયા. એક દિવસ છોટાલાલ માસ્તરે પૂછ્યું: 'કેમ લખી લાવવા છે કે નહિ? કે બીજી શિક્ષાનો વિચાર કરૂં?' શિષ્યે જવાબ આપ્યો: '૨૦૦ પાડા તો લાવ્યો હતો પણ તેમાંથી ૨ મારકણા નીકળ્યા તે દરવાજા આગળથી નાશી ગયા એટલે કાંઇ ન રહ્યું!' પોતાના વિદ્યાર્થીનો આવો મસ્ત વિનોદ સમજવાને અને સહન કરવાને માટે તો આ જમાનાના શિક્ષકો પણ તૈયાર ન થાય. છોટાલાલ માસ્તરે તે ન સાંખ્યો, એટલે તેને વધુ ધમકી આપી. બીજે દિવસે પાછું પૂછવામાં આવ્યું. બીજે દિવસે જરાય ખસિયાણા પડયા વિના વલ્લભભાઇએ વિનોદને આગળ વધાર્યો. શિક્ષકની આગળ જઇને કહ્યું: 'હા લખી લાવ્યો છું' એમ કહીને એક કાગળ બતાવ્યો. તેમાં લખ્યું હતું: 'બસેં પાડા.' છોટાલાલ માસ્તરની અહિંસાને ધન્ય છે કે તેમણે આ અપમાનનો સ્થૂલ પ્રહારથી જવાબ ન આપતાં આ ન સુધરી શકે એવા નઠોર છોકરાને મુખ્ય શિક્ષક નરવણે પાસે મોકલ્યો. વલ્લભભાઇ આ ધન્યવાદની સામે વાંધો લે છે. તેઓ કહે છે: 'કોઇ પણ શિક્ષક મને મારતાં ડરે એવો હું હતો.' આ મુખ્ય શિક્ષકની આગળ વિદ્યાર્થીએ

નિવેદન કર્યું : ‘ આવી તે સજા હોતી હશે સાહેબ ? કાંઇ અમારા અભ્યાસમાંથી લખાવતા હોય તો મને ફાયદો પણ થાય, આ પહેલી ચોપડીના એકાંના પાડાથી તો કોઇને ફાયદો ન થાય, ઉલટા એ પાડા લખતો જોઇને મને કોઇ મૂરખ કહે. ’ મુખ્ય શિક્ષકે વલ્લભભાઇને મુક્તિ આપી.

છોટાલાલ માસ્તર તો પોતાના વિદ્યાર્થીને ‘ મહાપુરુષ ’ થયેલો જોવાને ન જીવ્યા, પણ નરવણે માસ્તર આજે અતિ માનથી કહી સંભળાવે છેઃ ‘ વલ્લભભાઇ મારા હાથ નીચે શીખેલા. ’ કદાચ ઘણો સમય ત્યાં ભણ્યા હોત તો શિક્ષકો અને શિષ્ય એકબીજાને વધારે ઓળખી શકત, પણ વલ્લભભાઇ તો બીજા એક શિક્ષકની સાથે ઝગડો કરીને બે જ મહિનામાં ત્યાંથી નીકળ્યા, બલ્કે કાઢી મૂકવામાં આવ્યા !

આવા તોફાનમાં સાક્ષરી શિક્ષણ તો તેમને બહુ શેનું જ મળ્યું હોય ? નડિયાદમાં જઇને મૅટ્રિક થયા અને મૅટ્રિક પાસ થયા પછી તેમને જવાબદારીનું ભાન આવ્યું ત્યાર પછીનું તેમનું આયુષ્ય કોઈ પણ જણના ઉપર પુરુષાર્થી જીવનની છાપ પાડે છે.

માતપિતા

વલ્લભભાઈના બાલજીવનની વાત કરતાં પહેલાં મારે એમના માતપિતાનું થોડું ઓળખાણ કરાવવું જોઇતું હતું. પણ માતપિતાના ઘડતર કરતાં બાળપણની મસ્તીમાં તેમણે કરી લીધેલું પોતાનું ઘડતર વધારે દેખાઇ આવે છે એટલે એને વિષે મેં પહેલી વાત કરી લીધી. પણ માતપિતાના ઉત્તમ જીવનના સંસ્કારો વલ્લભભાઇ ઉપર અસર પાડચા વિના નહિ રહ્યા હોય. કોઇ શિક્ષકને વિષે ભક્તિભાવથી તેમને વાત કરતા નથી

સાંભળ્યા પણ માતપિતા પ્રત્યેનો તેમનો પ્રેમ અને ભક્તિભાવ તેઓ ઘણીવાર વ્યક્ત કરે છે. પિતાશ્રીનાં કેટલાંક સ્મરણોમાં એક બે નોંધવા જેવાં છે. નાનપણમાં તેમણે '૫૭ ના બળવામાં ભાગ લીધેલો—ઝાંસીની રાણીના પ્રદેશમાં—અને બે ત્રણ વર્ષ સુધી તેમનો ઘેર પત્તો જ ન્હોતો લાગ્યો! આ સાહસનો વારસો તો દીકરાને તેમણે પૂરેપૂરો આપ્યો છે. મલ્હારરાવ હોલ્કરે તેમને એકવાર કેદ કર્યા હતા. કેદ કરી તેને પોતાની સામે બાંધી રાખી મલ્હારરાવ શેતરંજ રમતા હતા. શેતરંજમાં રાજા ખોટી ચાલ ચાલતા જાય ત્યાં ઝવેરભાઇ કહેતા જાય: 'રાજા ફલાણું મ્હોરું આમ ચલાવો.' મલ્હારરાવ ચકિત થઈ ગયેલા અને કેદીને છોડીને મિત્ર કરેલા. ત્રીજું સ્મરણ બહુ મધુરું છે. ડોસા સ્વામીનારાયણના મહાભક્ત હતા, ૪૫ વર્ષની ઉમ્મર પછી તો ઘેર માત્ર એક વેળા જમી જાય, સૂવા બેસવાનું સ્વામીનારાયણના મંદિરમાં જ રાખ્યું હતું. ૯૨ વર્ષ તેઓ જીવ્યા, પણ વડતાલની યાત્રા તો તેમની હમેશાં ચાલ્યા જ કરતી. વલ્લભભાઇ પણ વડતાલ અનેકવાર ગયેલા અને ૧૭ વર્ષના થયા ત્યાં સુધી નિરાહારી એકાદશી વિનાનું એકે વર્ષ નહિ ગયું હશે. એ એકાદશી તો આજે એક રમુજી સ્મરણું રહી ગઇ છે અને સ્વામીનારાયણ સંપ્રદાય તરફ વલ્લભભાઇની શ્રદ્ધા બહુ ઊભરાતી જાણી નથી. સ્વામીનારાયણ સંપ્રદાય વિષે વાત કરતાં અગાઉના સાધુઓના પવિત્ર જીવનની તેઓ બહુ તારીફ કરે છે અને સંપ્રદાયે ઘણા સામાન્ય માણસોનાં જીવનને સુધારવામાં ઠીક ફાળો આપ્યો છે એમ તેઓ સ્વીકારે છે, પણ પાછળથી એ સંપ્રદાયમાં સ્વાર્થ અને લોભે ચીરા પાડયા અને એની આકર્ષકતા જતી રહી એમ

 ૧૪૨૪૩

તેઓ જણાવે છે. વડતાલથી જૂદા પડી એક શાસ્ત્રીએ બોચાસણમાં મંદિર બાંધ્યું ત્યારથી ઝગડા વધ્યા. વલ્લભભાઇના પિતાશ્રી બોચાસણ વાળાના પક્ષના હતા. એકવાર બંને પક્ષો વચ્ચે એટલો ઝગડો થયો કે ફોઝદારી કોર્ટનું રક્ષણ શોધવામાં આવ્યું. વલ્લભભાઇના પિતાએ વલ્લભભાઇને આ કજિયામાં રસ લઇ, લડી આપવાનું કહેલું, તેમને વલ્લભભાઇએ નમ્રતાથી જણાવેલું: 'તમે જવા દો ને એ ઝગડાને, અને છોડોને એ સાધુઓને. જેઓ પોતાનું રક્ષણ કરી શકતા નથી અને કોર્ટ પાસે રક્ષણ શોધે છે તે આપણને શું રક્ષવાના હતા?'

આમ સંપ્રદાય તરફ ચોકખો અણગમો પેદા થયેલો, છતાં પિતાનું લાંબા કાળનું સંયમી જીવન તો વલ્લભભાઇને ઘણીવાર યાદ આવે છે. ડોસાની શરીરસંપત્તિ તો એટલી બધી સારી હતી કે એક મૂઠી ચોખા અને બાજરી લગભગ આખરની અવસ્થા સુધી નિત્ય કાચાં ચાવતા. માતુશ્રીની બહુ વાતો સાંભળી નથી પણ તેમણે ૮૦ વર્ષની ઉમ્મરે રેંટિયો હાથમાં લીધેલો, અને વલ્લભભાઇને ઘેર અમદાવાદ આવે ત્યારે આખો દિવસ રેંટિયો કાંતતાં અને માળા ફેરવતાં તેમને ઘણીવાર જોયાં છે.

માતપિતાના સંયમી જીવને વલ્લભભાઇમાં ધાર્મિક સ્વરૂપ નહિ લીધું, પણ આગ્રહ, દઢતા, સહન કરવાની ખૂબ શક્તિ એ બધા ગુણો માતપિતાના સંયમનો જ વારસો છે. બાળપણ વેળાની સહનશક્તિની એક વાત નોંધવા જેવી છે. એકવાર તેમને કાખબલાઈ થઇ હતી, ગામડામાં તો બીજા ઉપાય શેના જડે? કોઇકે કહ્યું કે ફલાણો હજામ એને ડામ દેશે તેની પાસે જાઓ. ગયા પેલા હજામની પાસે. હજામે સળિયો ધગધગતો કર્યો, પણ આટલી કુમળી વયના છોકરા ઉપર એ સળિયો

મૂકવાની હિંમત ન ચાલે. વલ્લભભાઇએ એને કહ્યું: 'આમ જોયા શું કરે છે? લાવ, તારાથી ન મૂકાય તો હું મૂકું.' એમ કહીને તુરત બે ત્રણ ચપકા મૂકી દીધા! પરિણામ શું આવ્યું એની મને ખબર નથી, પણ ત્રણ ત્રણ મહિના અંધારી કોટડીમાં ઢોરોની સાથે પૂરાઈ રહેવાની લોકોને સલાહ આપનાર વલ્લભભાઇની બાળપણથી જ વજ્ર જેવી છાતીનો આ જબરો પુરાવો છે.

વકીલાત

મૅટ્રિક થયા પછી કૉલેજમાં જઇને સાક્ષરી કેળવણી લેવા જેટલા પૈસા ઘરમાં ન મળે, એ કેળવણીનો મોહ પણ ન મળે, અને એટલાં ચાર પાંચ વર્ષ કૉલેજમાં મઝા કરવાની ધીરજ પણ ન મળે, એટલે 'ડિસ્ટ્રિક્ટ પ્લીડર'ની પરીક્ષા આપી પાસ થયા અને ગોધરામાં વકીલાત કરવા માંડી. બોરસદમાં તે વેળા વિઠ્ઠલભાઇ વકીલાત કરતા હતા, નડિયાદમાં મોટા મોટા વકીલોએ પોતાની સાથે રહીને વકીલાત કરવાને તેમને નોતરેલા, પણ વલ્લભભાઇએ કેવળ સ્વતંત્રતાની ખાતર ગોધરાનું નાનકડું ક્ષેત્ર પસંદ કર્યું. લોકમાન્યે અભ્યાસકાળથી જ જે લોકસેવાનો આદર્શ દૃષ્ટિ આગળ રાખી પોતાનું જીવન ઘડયું તેવી રીતે વલ્લભભાઇએ ઘડયાનો પુરાવો નથી. એમની નેમ તો પ્રથમથી જ બેરિસ્ટર થવાને માટે વિલાયતમાં જવા અને રહેવા જેટલા પૈસા અહીં વકીલાત કરીને રળી લેવાની હતી. આપણે જોશું કે વકીલાત પણ વિલાયત જવાનું પોતાનું સ્વપ્નું ખરૂં કરવા ખાતર કરવા માંડેલી.

વકીલાતના કાળની એમની પાસે ઘણીવાર વાતો સાંભળી છે. એ વાતો કરતાં એમનાં અનેક તોફાનો જ એમને યાદ આવે છે અને તેથી પોતે હસે છે અને બીજાને

હસાવે છે. ફોજદારી વકીલ તરીકે જ તેમણે ભારે પ્રતિષ્ઠા મેળવી હતી અને આખા ખેડા જીલ્લામાં થોડા જ વર્ષની વકીલાતમાં તેમણે હાક વગાડી હતી. કેવળ તેમનાથી ડરીને બોરસદના રેસિડેંટ મેજીસ્ટ્રેટની કોર્ટ આણંદ લઈ જવામાં આવેલી. વલ્લભભાઇ આણંદ પહોંચ્યા, એટલે પાછી પેલી કોર્ટ બોરસદ આવી. ગાંધીજીની વકીલાતનાં સ્મરણોમાં જ્યાં ત્યાં સત્યનિષ્ઠાને અંગે તેમણે અસીલોને આપેલી સલાહ અને અસીલો પાસે કરાવેલા ગુન્હાના અણધાર્યા એકરારોની વાતો સાંભળીએ છીએ તેવું વલ્લભભાઇ પાસે સાંભળવાનું નથી મળતું. ત્રાસ આપનારા પોલીસ અમલદારોને, અને વકીલોનું અપમાન કરનારા અને તેમને ધમકાવનારા મેજીસ્ટ્રેટોને વશ કર્યાના અનેક દાખલા વલ્લભભાઈની વકીલાતમાં મળે છે. એક હસ્બન્ડ કરીને મેજીસ્ટ્રેટને તેમણે કેવી રીતે હંફાવ્યો હતો એની અનેકવાર વાત કરીને તેઓ હસાવે છે. સાહેબની તુમાખીનો પાર ન્હોતો, મોટા મોટા અમદાવાદના વકીલોનું પણ તે અપમાન કરતો અને તેની પાસે જતાં સૌ ડરતા. એક ખૂનનો કેસ—વલ્લભભાઇ પાસે ખૂન, ખોટા દસ્તાવેજ, ધાડ પાડવા સિવાય બીજા કેસો આવે જ શેના?—એ મેજીસ્ટ્રેટ પાસે ચલાવવાનું વલ્લભભાઇને થયેલું. સાક્ષીઓને શરમાવવા અને દબાવવા ખાતર એ મેજીસ્ટ્રેટ દરેક સાક્ષીની સામે મોટો અરીસો મૂકાવતો. આરોપી પટેલની સામે એણે અરીસો મૂકાવ્યો. વલ્લભભાઇએ તુરત જ મેજીસ્ટ્રેટને કહ્યું કે આ અરીસો સામે રાખીને આરોપીની જુબાની લેવાય છે એ વાતની નોંધ કરો. પેલો ગભરાયો. આવી રીતે તેને પડકારનાર કોઇ વકીલ અગાઉ મળ્યો ન્હોતો. ખૂબ તકરાર ચાલી, વલ્લભભાઇએ કેસ બીજી કોર્ટમાં ચલાવવાની અરજી

આપવાનું કહ્યું, આખરે પેલો મોળો પડ્યો. સાક્ષીઓ લાવવાનું કહ્યું. વલ્લભભાઈ કહે એકે સાક્ષી અહીં રજુ કરવા માગતો નથી, પણ આ બંધ પાકીટમાં મેં સાક્ષીઓનાં નામ લખ્યાં છે તે સાક્ષીઓ હું સેશન્સ કોર્ટમાં રજુ કરીશ. એ પાકીટ સેશન્સ કોર્ટમાં જ ફોડી શકાય એવી માગણી કરી. મેજીસ્ટ્રેટ વધારે ગભરાયો, પાકીટ ફોડ્યું. પાકીટમાં એ મેજીસ્ટ્રેટને સાક્ષી તરીકે ટાંક્યો હતો, જે સ્ત્રીનું ખૂન થયું હતું તે જ સ્ત્રીને સાક્ષી તરીકે ટાંકી હતી, અને બીજી ચીજો પેલાને વીમાસણ અને ગભરાટમાં નાંખે એવી હતી. મેજીસ્ટ્રેટ પાણી જેવો પાતળો થઈ ગયો. પોલીસના ઘણા સાક્ષીઓનો ઇતબાર કરવાની સાફ ના પાડી, તેના ઉપર ટીકા કરી, પણ પ્રથમ દર્શની પુરાવે કેસ સેશનકમિટ કરવો જોઇએ એટલે કર્યો. વલ્લભભાઇને તો એટલું જ જોઈતું હતું. સેશન્સમાં તો પહેલે જ દિવસે એ કેસ ઊડી ગયો.

અમદાવાદમાં બેરિસ્ટરી કરવા લાગ્યા ત્યારે એક ફૉકસ કરીને મેજીસ્ટ્રેટની રાત્રે નવ વાગે કોર્ટ ઉઘાડી મધરાત સુધી ચલાવવાની ખો ભૂલાવનાર પણ વલ્લભભાઇ જ હતા.

આ વકીલાતનો અનુભવ પાછલા જીવનમાં એમને કેવો કામ આવ્યો તેનો એક રમૂજી દાખલો બોરસદની લડતમાં મળી આવ્યો હતો. સરકારનો પ્રજાની સામે એવો આરોપ હતો કે ગાંધીજીની સત્યાગ્રહની હીલચાલથી લોકોને સત્તાનો ડર રહ્યો નહિ અને બહારવટિયા પાક્યા અને લોકોએ તેમને ઉત્તેજન આપ્યું. આનો સચોટ જવાબ વલ્લભભાઇએ પોતાની વકીલાતના અનુભવમાંથી આપ્યો :

વીર વલ્લભભાઈ

"પેલો ગુલાબ રાજા બહારવટે નીકળ્યો ત્યારે તો ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા પણ ન્હોતા. તે વખતના કલેક્ટર વુડને તે મારવા ફરતો હતો, કારણ એને ગુલાબ રાજાને સજા કરાવવી હતી. કલેક્ટરનો મુકામ સિંગલાવ ગામમાં હતો. ત્યાં તેણે સાંભળ્યું કે ગુલાબ રાજા ગાયકવાડી હદમાં લૂંટો કરે છે. અંગ્રેજી પોલીસની તેને મદદ છે એવો રિપોર્ટ હતો. તેણે એની તપાસ કરવા માંડી. તે વખતે તે કરમી ફેંટો ને ભેટ બાંધીને પાસે જ ઊભો હતો. તેણે કહ્યું: 'હું ગુલાબ રાજા.' વુડે કહ્યું: 'તારા હાથ છુટા તે હોય? તને તો બેડીઓ પહેરાવવી જોઇએ.' ગુલાબ રાજા કહે: 'પકડાઉં તો તારી સત્તા ચાલે તે કરજે, આજે તો હું રાજા છું.' કલેક્ટરના કહેવાથી તેના ઉપર કેસ ઊભો કરવામાં આવ્યો. ચોરા ઉપર મામલતદારની શીખવણીથી એક વાણિયાએ ગુલાબ રાજાને ગાળો દીધી તેથી ગુસ્સે થઈ તેણે તેને કપાળમાં એક કાંકરી મારી. આ બાબતનો કેસ ચાલ્યો. ગુલાબ રાજાએ મને વકીલ કર્યો. કેસમાં કંઈ થઇ શકે તેમ ન્હોતું, પણ કલેક્ટરે મોટા જજને મળીને તેને ૯ મહિના સજા કરાવી. પેલાને તેની ગંધ આવેલી એટલે તે કોર્ટમાં હાજર થયો જ નહિ, અને તે દહાડાથી બહારવટું શરૂ કર્યું. ત્યારપછી તેણે બાવન લૂંટો કરી છે, અને પચાશ ત્રીશ ખૂનો કર્યાં છે. પોલીસ સુપરિન્ટેન્ડન્ટે તેને સતાવેલો તે તો લાંબી રજા લઇને ચાલ્યા ગયા! કલેક્ટરને બાતમી રોજ જાય કે ગુલાબ રાજા વલ્લભભાઈ વકીલને ઘેર રોજ રાત્રે આવે છે. તેણે મને બોલાવ્યો અને મોટી જગ્યાઓ આપવાની અનેક લાલચો આપી પેલાને પકડાવવા કહ્યું. મેં કહ્યું: 'કાયદો હું થોડોઘણો જાણું છું;

મારે ઘેર તે આવતો હોય તો મારે પોતે જ તે જાહેર કરવું જોઇએ, ન કરૂં તો ગુન્હો ગણાય એ હું જાણું છું.' પણ મેં તેને એક સલાહ આપી કે તમારી બંદુકો નકામી છે—એ ધારિયાં કરાવીને રાખો. કલેકટરે તરત ધારિયાં કરાવી લીધાં !"

આવી રીતે અનેકવાર તેમણે પોતાની વકીલાતના અનુભવનો ઉપયોગ કરી સરકારને હંફાવી છે. વલ્લભભાઇની વકીલાતમાં કાયદાના અભ્યાસના કરતાં તેમનું ઊંડું વ્યવહારજ્ઞાન, માનવ સ્વભાવની પરીક્ષા, ઉલટતપાસની અને પુરાવાને છણવાની અજબ શક્તિએ વધારે ભાગ લીધો છે. 'દીવાની કેસો તો તમે બહુ નહિ ચલાવ્યા હોય ?' એમ પૂછતાં તેમણે કહેલું: 'થોડા સમયમાં વધારેમાં વધારે કમાઈ શકાય એવા જ કેસો હું લેતો. દીવાની કેસો બહુ ઓછા, અને તે પણ જેમાં કાયદાની ગલીકુંચીઓમાં ઉતરવાનું હોય તેવા નહિ પણ પુરાવાઓની સામે પુરાવા રજુ કરવાના હોય અથવા આખા પુરાવા ઉડાવી દેવાના હોય તેવા જ કેસો આવતા.'

ગોધરાની વકીલાતનું એક સ્મરણ, આ પ્રકરણ આટોપતાં પહેલાં, નોંધી લઉં. ગોધરામાં એકવાર ખૂબ પ્લેગ ચાલ્યો. કોર્ટના નાઝરનો દીકરો પ્લેગમાં પટકાયો. વલ્લભભાઇ તેની સારવારમાં રહ્યા પણ દરદી બચ્યો નહિ. દરદીને સ્મશાને મૂકી આવીને પોતે પ્લેગમાં સપડાયા. મોટી ગાંઠ નીકળી હતી, પણ એથી કાંઇ વલ્લભભાઇ ગભરાય એમ ન્હોતા. પોતાની પત્નીની સાથે ગાડીમાં બેઠા, આણંદ આવ્યા, પત્નીને કહ્યું: 'તમે જાઓ કરમસદ, હું નડિયાદ જાઉં છું અને ત્યાં સાજો થઈ જઇશ.' પ્લેગમાં પડેલા પતિને છોડીને જવાની કઈ પત્નીની હિંમત ચાલે ? પણ પત્નીને જવાનો આગ્રહ કર-

વાની અને મોકલી દેવાની વલ્લભભાઇની હિંમત ચાલી, અને નડિયાદમાં પોતે સાજા થયા ! એ જ પત્નીને મુંબઇમાં ઓપરેશન કરાવવાને મૂકી આવ્યા હતા. ઓપરેશન થયું, પછી ખબર રોજ મેળવ્યા કરતા હતા, પણ બેચાર દિવસમાં તેમની સ્થિતિ ખરાબ થઇ, અને એક કોર્ટમાં વલ્લભભાઇ કેસ ચલાવતા હતા ત્યાં તેમના મરણનો તાર મળ્યો. વલ્લભભાઇએ કામ આગળ ચલાવ્યું !

વિલાયતમાં અભ્યાસ

વિલાયતમાં જવાનાં સ્વપ્નાં વલ્લભભાઇએ બાળપણથી જોયાં હશે એમ લાગે છે. ૧૯૨૧ માં આપેલા એક હૃદયસ્પર્શી ભાષણમાં તેમણે પોતાના જીવનના આ ભાગ ઉપર સરસ પ્રકાશ પાડ્યો હતો:

" ભાઈ મોતીલાલે મારી ઓળખાણ આપતાં કહ્યું કે હું પહેલાં આબેહુબ અંગ્રેજની નકલ હતો, તે સત્ય છે. વળી હું નવરાશનો વખત રમતગમતમાં ગાળતો તે વાત પણ ખરી છે. મારી માન્યતા તે વખતે એવી હતી કે આ નિર્ભાગી દેશમાં પરદેશીની નકલ કરવી એ જ ઉત્તમ કાર્ય છે. મને શિક્ષણ પણ એવું જ આપવામાં આવ્યું હતું કે આ દેશના માણસો હલકા અને નાલાયક છે અને આપણા ઉપર રાજ્ય કરનાર પરદેશી માણસો જ સારા ને આપણો ઉદ્ધાર કરવાને સમર્થ છે, આ દેશના માણસો તો ગુલામગિરીને જ લાયક છે. આનું ઝેર આ દેશનાં તમામ બાળકોને પીવડાવવામાં આવે છે. હું નાનપણથી જ જે લોકો પરદેશથી સાત હજાર માઇલ દૂરથી રાજ્ય કરવા આવે છે તેમનો દેશ કેવો હશે તે જોવા તથા જાણવાને તરફડિયાં મારતો હતો. હું તો સાધારણ કુટુંબનો

હતો, મારા બાપ મંદિરમાં જ જીંદગી ગાળતા અને તેમાં જ પૂરી કરેલી. મારી ઇચ્છા પૂરી કરવા તેમની પાસે સાધન નહતું. મને માલૂમ પડ્યું કે દશ પંદર હજાર રૂપિયા મળે તો વિલાયત જવાય. મને કોઇ એટલા રૂપિયા આપે એમ નહોતું. મારા એક મિત્રે કહ્યું કે ઇડર સ્ટેટમાં દરબાર પાસેથી રૂપિયા વ્યાજે મળે તેવો સંભવ છે. તે ઉપરથી મારો મિત્ર અને હું બન્ને ઇડર ગયા, શેખસલ્લીના વિચારો કરી ગામની પ્રદક્ષિણા કરી પાછા આવ્યા. છેવટે નક્કી થયું કે વિલાયત જવું હોય તો પૈસા કમાઇને જવું. પછી વકીલાતનો અભ્યાસ કર્યો ને વકીલાતનો ધંધો કરી ખર્ચ જેટલી કમાણી કરી ત્યારે વિલાયત જવાનો નિશ્ચય કર્યો. પણ જે કંપનીની મારફત વિલાયત જવાની ગોઠવણ કરવા પત્રવ્યવહાર કર્યો, તેના મને જવાબો મળ્યા, તે જવાબો મારા ભાઇના હાથમાં આવ્યા—બંને ભાઇ અંગ્રેજીમાં વી. જે. પટેલ કહેવાય !—તે ઉપરથી ભાઇએ કહ્યું: ' હું તમારાથી મોટો, મને જવા દો અને મારા આવ્યા પછી તમને જવાની તક મળશે, પણ તમારા આવ્યા પછી મારાથી નહિ જવાય.' મેં ભાઇને પંદર દિવસની મુદત આપી, અને પંદરમે દિવસે તે વિલાયત ચાલ્યા ગયા. તેમના ગયા પછી મારે કુટુંબકલેશ વેઠવો પડ્યો. તે ત્રણ વર્ષે આવ્યા ત્યારપછી હું ગયો. ''

અસહકારની પલટાયલી દૃષ્ટિએ જોતાં અંગ્રેજની નકલ કરવાનાં આગલાં ફાંફાં તરફ વલ્લભભાઇ તિરસ્કારથી જુએ એ સ્વાભાવિક છે. ' ઇંગ્લિશ જેન્ટલમૅન ' બનવાનાં પોતાનાં ફાંફાં વિષે ગાંધીજીનું હાસ્ય પણ ' આત્મકથા 'ના પાનાંમાં સંભળાય છે ના ! પણ જેમ ગાંધીજીના વિલાયતવાસના

પ્રકરણમાંથી ઘણો બોધ મળી શકે છે તેમ વલ્લભભાઇનું વિલાયતવાસનું પ્રકરણ પણ કિંમતી છે.

પુખ્ત ઉમ્મરે અને જીવનનો અનુભવ લઇને વિલાયત ગયેલા હોવાને લીધે આપણા કેટલાક જુવાનોની વિલાયતમાં જે દશા થાય છે તેવી થવાનો વલ્લભભાઇને ભય ન્હોતો. તેઓ તો વિદ્યાર્થી દશામાં જેટલા તોફાની હતા તેટલા જ સ્થિર અને એકાગ્રતાવાળા વિલાયતમાં બન્યા. જ્યાં રહેતા ત્યાંથી મિડલ ટેમ્પલ ૧૧ માઇલ છેટું હતું. દરરોજ સવારે ૧૧ માઇલ ચાલે, અને છેક સાંજે ટેમ્પલની લાઇબ્રેરી બંધ થાય, બધા ચાલ્યા જાય ત્યારે વલ્લભભાઈ એકલા વાંચતા હોય, પટાવાળો આવીને કહે: 'સાહેબ ! હવે બધા ગયા, ઊઠો' ત્યારે તેઓ ઊઠે. બપોરે દૂધ અને બ્રેડ મંગાવીને ત્યાંને ત્યાં જ બેઠા બેઠા ખાઇ લે, અને અભ્યાસ કરે. આ દિવસોમાં એમણે રોજ સત્તર સત્તર કલાક વાંચ્યું અને પરીક્ષામાં પહેલા વર્ગમાં પહેલા આવી ૫૦ પૌંડની સ્કૉલરશિપ અને ચાર ટર્મની માફી મેળવી. બેરિસ્ટર થવાને માટે ડિનર ખાવાનાં અને પાસ થઇ આવવાનું એ વાત માત્ર પાસ થવાને માટે જ સાચી હશે, પહેલા વર્ગમાં પહેલા આવવા માટે તો સાચી નહિ જ. આવી ભારે સફળતા એમના અભ્યાસનું જ કેવળ પરિણામ નહિ, પણ વકીલ તરીકેના લાંબા અને વિશાળ અનુભવનું પરિણામ હતી. કહેવાય છે કે એમના પરીક્ષકોને એમના ઉત્તરપત્રો એટલા તો સારા લાગેલા કે એકજણે એમને બોલાવીને ચીફ જસ્ટિસ સ્કૉટ ઉપર પત્ર લખી આપ્યો હતો કે આવા માણસને ન્યાયખાતાની ઊંચી જગ્યા આપવા જોઇએ.

આ તો વિદ્યાર્થી તરીકેની વાત થઈ. વિલાયતના જીવન-

કાળમાં આગ્રહનો એક પ્રસંગ નોંધવા જેવો છે. એમને પગે વાળા નીકળ્યા હતા, ઘણા સર્જનને એની ખબર પણ નહિ. એ ત્રણ વખત ઑપરેશન કરાવવું પડ્યું. ઑપરેશન વખતે ' એનેસ્થેટિક્સ ' (પીડાશામક) વાપરવાની ડાક્ટરે સૂચના કરી, પણ ડાક્ટરોને વલ્લભભાઇએ આગ્રહ કર્યો કે ગમે તેટલું દુઃખ થાય તે સહન કરીશ પણ ક્લોરોફૉર્મ ન વાપરો. ડાક્ટરો તાજ્જુબ થયા, પણ તેના આગ્રહને વશ થવાને ના પાડી. ' આવો દરદી અમને પહેલી વાર મળ્યો છે ' એમ તેમણે જણાવેલું.

પરીક્ષામાં શ્રેષ્ઠ સફળતા મેળવીને ' કૉલ ' થયા તેને બીજે જ દિવસે સ્ટીમર લીધી. કોઇને આવી સફળતા પછી જરા હરવા ફરવા માટે થોડા દિવસ રહેવાનું મન થાય, કંઇ નહિ તો યૂરોપના બીજા દેશો જોવાને માટે થોડા દિવસ ભાંગવાનું મન થાય, પણ એક જ કાર્ય સાધીને પાછા ફરવાનો નિશ્ચય કરીને ગયેલા વલ્લભભાઇ ઘડી પણ વિલાયતમાં ન થોભ્યા.

લોકસેવાર્થે સંન્યાસ

બેરિસ્ટર થયા કે તરત જ અમદાવાદમાં ધમધોકાર ધંધો ચાલવા માંડ્યો. ખેડા જીલ્લાના કેટલા યે લોકો તો એમની રાહ જોઇને જ બેઠા હશે. વિઠ્ઠલભાઇએ મુંબઇમાં ધંધો માંડ્યો હતો પણ તે નામનો જ, કારણ તેમનો બધો સમય લોકસેવામાં જ જવા લાગ્યો. બંને ભાઇઓએ પાપપુણ્યની વહેંચણી કરી હોય એમ વલ્લભભાઇના અગાઉ ટાંકેલા ભાષણમાંથી જાણવાનું મળે છે:

" અમે બંનેએ નિશ્ચય કર્યો કે સ્વતંત્રતા જોઇતી હોય તો આ દેશમાં સંન્યાસી જોઇએ, સ્વાર્થત્યાગ કરી સેવા કરવી જોઇએ, એટલે બેમાંથી એકે દેશસેવા કરવી અને બીજાએ



વિઠ્ઠલભાઈ ([illegible]) વલ્લભભાઈ

કુટુંબસેવા કરવી. ત્યારથી મારા ભાઇએ ધીકતો ધંધો છોડી દેશસેવાનું કાર્ય કરવા માંડ્યું અને ઘર ચલાવવાનું મારે માથે પડ્યું. આથી પુણ્યકામ તેમને નસીબમાં આવ્યું અને મારે માથે પાપનું કામ આવી પડ્યું. પણ તેમના પુણ્યમાં મારો હિસ્સો છે એમ સમજી મન વાળતો." પણ એ વહેંચણી લાંબો વખત ટકી નહિ, ઈશ્વરે તો નાના ભાઇને માટે જ સંન્યાસ યોજી રાખ્યો હતો, અને તેને માટે તેમણે સાધન-નિમિત્ત ગાંધીજીને બનાવ્યા.

વલ્લભભાઇનો ધંધો ઉત્તમ રીતે ચાલતો હતો ત્યાં અમદાવાદમાં ગાંધીજીએ આવીને અનેકની શાંતિ અને નિદ્રામાં ભંગ પાડ્યો. આશ્રમની આરંભની પ્રવૃત્તિ વિષે, જે જે વાતો સંભળાતી તે વિષે, પ્રથમ તો 'ગુજરાત ક્લબ'માં મજાક મશ્કરીઓ થતી, 'બ્રિજ' રમતાં વલ્લભભાઇએ પણ અનેક વાર આ મશ્કરીઓમાં ભાગ લીધો હશે. આશ્રમમાં ઘણા વકીલ બેરિસ્ટરો તે વખત આવતા, વલ્લભભાઇ ક્વચિત જ આવતા. આજે ૧૨ વર્ષ પછી એ પહેલા આવનારાઓમાંના ભાગ્યે જ કોઇનાં આશ્રમમાં દર્શન થાય છે, જ્યારે વલ્લભભાઇ તો આજે આશ્રમના સભ્ય કરતાં અધિક છે. 'ગુજરાત ક્લબ'માં એકવાર ગાંધીજી ગયેલા, અને વકીલ મંડળ આગળ આશ્રમના સિદ્ધાંતોની વાતો કરતા હશે. વલ્લભભાઇ 'બ્રિજ' રમતા હતા ત્યાંથી ખસ્યા નહિ, અને મિત્રોને કહેવા લાગ્યા: 'શા સારૂ ગાંધી આ લોકોની આગળ બ્રહ્મચર્યની વાતો કરતા હશે? ભેંસની આગળ ભાગવત જેવું છે.' આમ ગાંધીજી આરંભમાં તેમને અવ્યવહારૂ પણ લાગ્યા હશે. પણ એટલામાં ગાંધીજીએ ગુજરાતના રાજકાજમાં ભાગ લેવા માંડ્યો, અને લૂખા

રાજકાજથી કંટાળી જગતના તરફ કોઇ ટીખળી ફિલસુફની જેમ હસતા વલ્લભભાઇને ખાતરી થઈ કે હવે સાચા સંગીન કાર્યને માટે માર્ગ ખુલ્લો થાય છે. ગોધરા પરિષદમાં ગાંધીજી પ્રમુખ થયા અને તે વેળા આંકવામાં આવેલા રચનાત્મક કાર્યને અમલમાં મૂકવાને માટે નીમાયલા મંડળના શ્રી. વલ્લભભાઈ મંત્રી થયા. આ મંડળની પ્રવૃત્તિના ખબર ગાંધીજીને ચંપારણમાં શ્રી. માવલંકર મારફતે મળતા પણ કામકાજ બધું વલ્લભભાઇની પ્રેરણાથી થતું. વેઠ બંધ કરાવવાને માટે અમુક કાર્યરેખા ગાંધીજી દોરી આપીને ચંપારણ ગયા હતા. ગાંધીજીએ કમિશનર પ્રાટ સાહેબને લખીને પૂછાવ્યું હતું કે વેઠને ટેકો આપનારા કાંઈ સરકારી ઠરાવો કે નિયમો છે ખરા, કે સરકારની એ બાબતમાં નીતિ જાહેર કરનારા કાંઇ ઠરાવ છે ખરા તે જણાવશો? પ્રાટ સાહેબે આનો જવાબ ન આપ્યો. વલ્લભભાઇએ પ્રાટ સાહેબને સાત દહાડાની નોટીસનો ફરી યાદ દેવડાવનારો કાગળ લખ્યો, અને તેમાં જણાવ્યું કે સરકાર તરફથી કશો જવાબ ન આવશે તો હાઇકોર્ટના અમુક ચુકાદા પ્રમાણે વેઠને ગેરકાયદેસર ઠરાવવામાં આવી છે, અને તે મુજબ કોઇ પણ જાતની વેઠ ન કરવાની લોકોને સલાહ આપનારા જાહેરનામાં આખા ગુજરાતમાં વહેંચવામાં આવશે. નોટીસ પૂરી થવા પહેલાં એક જ દિવસ અગાઉ પ્રાટ સાહેબે વલ્લભભાઇને બોલાવ્યા અને ખુલાસો કર્યો. ગાંધીજીને આ કાર્ય બહુ પસંદ પડ્યું, અને તે પછી વલ્લભભાઇ વધારે સંબંધમાં આવવા લાગ્યા.

ખેડાની લડત આવી. લડત ગુજરાત સભાની મારફતે ચલાવવાનો વિચાર કરવા માટે વલ્લભભાઇના ભદ્રના ઘરમાં રોજ સભા થતી. ઘણા દિવસની ચર્ચા પછી સર્વાનુમતે

લડત લડવાનો ઠરાવ થયો. ‘મારી સાથે કોણ ખેડા આવવાને તૈયાર છે?’ એમ ગાંધીજીએ પૂછતાંની સાથે પહેલું નામ આપનાર વલ્લભભાઇ હતા. તે વેળા વલ્લભભાઇનો બહાર જવાનો પોષાક કાળા સાહેબના જેવો હતો, પણ ગાંધીજી પાસે બૅંગલોર કૅપ, ચાઇનાસિલ્કનો હાફકોટ અને કૅાલર પહેરીને તેઓ આવતા. સામાન્ય રીતે તેઓ ઓછું જ બોલતા, એટલે તેમનું ઝવેરાત જોતાં પણ ગાંધીજીને ઠીક સમય લાગેલો. બસ ખેડામાં ઝંપલાવ્યું તે ઝંપલાવ્યું. તે દિવસે તેમણે કશી ગણત્રી કરી હશે ખરી? આ ઝંપલાવવાનું થાય છે પછી તેમાંથી કદી નીકળી શકાશે કે કેમ એનો વિચાર તેમણે કર્યો હશે ખરો? ગણત્રી કરવાનું વલ્લભભાઇના સ્વભાવમાં જ નથી. સાહસ એ જ એ પુરુષસિંહનું લક્ષણ આપણે બાળપણથી જોતા આવ્યા છીએ. આ સાહસથી તેમનો જીવનપલટો શરૂ થયો. વલ્લભભાઇના જ શબ્દમાં એ જીવનપલટો વર્ણવીએ :

“તે વખતે આપણા રાજકીય જીવનમાં અતિશય મલિનતા હતી. આપણી પ્રજા તરફથી કામ કરનારાઓમાંના ઘણામાં અતિશય પાખંડ હતું. જે કલબમાં બેસી હું પાનાં રમતો તેમાં મારો એક મિત્ર હતો. તે કહેતો પ્રજાની સેવા કરવી હોય તો અમદાવાદ છોડો. એ અરસામાં મહાત્મા ગાંધી આવ્યા, ત્યારે રાજકીય જીવનમાં સત્ય દાખલ થયું. સત્યાગ્રહની લડતમાં એમણે માગણી કરી કે એક માણસ એવો જોઇએ કે આજે જ તમામ ધંધો છોડી નડિયાદમાં રહી લડતનું બધું કામ માથે લે. મેં તે માથે લીધું. ત્યારપછી તેમના સહવાસથી મને ખાત્રી થઇ કે આજ સુધી હિંદ અવળે માર્ગે ચાલેલું અને તેમના બતાવેલા માર્ગે હિંદ ચાલે તો જ તેનો

ઉદ્ધાર થાય. આ જગત ઉપર અતિશય અત્યાચાર થાય છે ત્યારે હિંદુ ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ઇશ્વરનો અવતાર થાય છે. જ્યારે રાવણ અને તેના રાક્ષસ બંધુઓએ અત્યાચાર કર્યો ત્યારે રામાવતાર થયો, દુર્યોધનના અત્યાચારને દાબવા કૃષ્ણાવતાર થયો. પછી ૨૫૦૦ વર્ષે બુદ્ધ ભગવાન થયા અને પછી ૨૫૦૦ વર્ષે મહાત્મા ગાંધીજી થયા છે."

આ તો સાત વર્ષ ઉપર ઉચ્ચારેલા શબ્દો. હમણાં જ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ આગળ બોલતાં પોતાની જીવન-કથાનાં પાનાં ખોલતાં વિદ્યાર્થીઓને વલ્લભભાઇએ કહેલું :

"૧૯૧૬ સુધી તો ચાલુ રાજકારણથી હું કંટાળેલો હતો. ગાંધીજીની સાથે પણ મને સંબંધ ન્હોતો. આશ્રમમાં ઘઉંમાંથી કાંકરા વીણાવે છે અને દળાવે છે એટલું જ હું તેમને વિષે જાણતો હતો. પણ ગુજરાત સભાનું પ્રમુખપદ લેવાનું જ્યારે તેમને કહેવામાં આવ્યું ત્યારે તેમણે જે શરતોએ એ પ્રમુખપદ લીધું તેથી મારી ખાત્રી થઈ કે હવે કાંઈ સાચું કામ થવાનું છે. હિંદ સ્વરાજને માટે કોંગ્રેસ અને મુસ્લીમ લીગે કરેલી માગણીનો મુસદ્દો તેમણે દશ લીટીનો ઘડેલો હતો અને તેની ઉપર લાખો સહી લેવાની હતી. એ દશ લીટીમાં મને સેંકડો પાનાના લખાતાં મેમોરીઅલના કરતાં વધારે જોર લાગ્યું, અને ત્યારથી હું એમના વધારે સમાગમમાં આવતો ગયો."

આ પછી ખેડાના ગામેગામે ગાંધીજી સાથે ફર્યા, અને ખેડાની લડત પૂરી થયે ગાંધીજીએ જ્યારે રંગરૂટ ભરતીનું કામ ઉપાડ્યું અને ગાંધીજીની પોતાની સેના આછી થઈ ત્યારે પણ રંગરૂટોમાં પહેલી સહી વલ્લભભાઈની હતી. એ દિવસોમાં ગાંધીજીએ અમને સૌને તાલીમ આપવી શરૂ કરી હતી.

રોજ ૨૦ થી ૨૪ માઇલ ચાલવું, મારે બન્ને વાર રસોઇ કરવાની, અને મારી કાચી પાકી રસોઇ સૌએ ખાવાની! નડિયાદ થોડા દિવસ આ રીતે તાલીમ લઇ નવાગામ મુકામ નંખાયો. નવાગામમાં લોકો ગાંધીજી પાસે આવે જ શેના? સરકારની સાથે લડાઈ લડવામાં રસ હતો, લશ્કરમાં જઈ સરકારને માટે પ્રાણ આપવાને કોને રસ હોય? એટલે ગાંધીજી અને વલ્લભભાઇ ઘણી વાર ચોરામાં એકલા જ બેઠા હોય એવું બનતું. મારે નડિયાદથી નવાગામ ટપાલ લઇ જવાની. બારેજડીથી નવાગામ અગિયાર માઇલ થાય. એ અગિયાર માઇલ જવાનું અને આવવાનું. હું પાછો ફરૂં ત્યારે વલ્લભભાઇ મારી સાથે ચારપાંચ માઇલ સાથ દેવાને આવે. ગાંધીજી પોતાની અને વલ્લભભાઇની રોટલી અને શાક બનાવે, ખીચડી પણ બનાવે. મેં એક દિવસ નડિયાદથી તૈયાર ભાખરી મોકલી. ગાંધીજી ચીડાયા, અને કહેઃ ‘શું વલ્લભભાઇ એટલા પરાધીન થઈ ગયા છે?’ વલ્લભભાઇને પણ રોટલી કરવા બેસાડવામાં આવ્યા! વલ્લભભાઇને શું આવડે? નાનપણના તોફાનમાં રાંધતાં તો શીખ્યા નહોતા. પણ હવે રાંધવાના પાઠ લેવા મંડયા. આ પછી તો ગાંધીજીની સખ્ત માંદગી આવી, અને લડાઇ પણ બંધ પડી.

એકાદ વર્ષ વલ્લભભાઇએ વકીલાત કરી હશે ત્યાં આવ્યો રોલેટ એકટ, સત્યાગ્રહ અને અમદાવાદનાં તોફાન. વલ્લભભાઇને બારણે તો મોટી પલટણ પડી હતી. વલ્લભભાઈના ઘરમાં દીવાબત્તી થતાં ગોરાઓને શંકાઓ જાય, અને વારંવાર બત્તીના સિગ્નલ કેમ થાય છે તેનો વલ્લભભાઇ સામે પિસ્તોલ ધરીને ખુલાસો માગે. પણ જેમ તોફાનમાં મગજ ઠેકાણે રાખીને

તેઓ ઝુમ્યા, તેમ જ તોફાન પછી પણ તેઓ એટલી જ શાંતિ જાળવીને ઝુમ્યા, અને લોકોના કેસો લડયા. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મિ. હિલીનો એટલો બધો વિશ્વાસ મેળવ્યો કે આજે દશ વર્ષે એ જ માણસ વલ્લભભાઈ વિના બારડોલીમાં શાંતિ ન જળવાય એવી સાક્ષી પૂરે છે.

અસહકાર અને તે પછી

આ પછીના ઇતિહાસની વિગતમાં ઊતરૂં તો પાનાનાં પાનાં ભરવાં પડે. દેશવ્યાપી અસહકાર આવ્યો ત્યારે વલ્લભભાઇએ ગુજરાતના સાચા સુબાનું સ્થાન પ્રાપ્ત કર્યું. બેરિસ્ટરી છોડવી તો તૃણવત હતી—છોડેલી જ હતી—જેને વિલાયત મોકલી લાંબા અભ્યાસ કરાવવા હતા એવાં પોતાનાં પુત્ર અને પુત્રી બંનેને સરકારી શાળાઓમાંથી ખસેડયાં, અને આમ પોતાનું ઘર બાળીને, પોતાનાં છોકરાંને જતિ કરીને, બીજાનાં ઘર બાળવામાં અને પારકાં છોકરાંને જતિ કરવામાં શામેલ થયા. ગાંધીજી પકડાયા, તેમને જેલ વળાવી વલ્લભભાઇએ ગાંધીજીનું સ્થાન લીધું, ગૂજરાત મહાવિદ્યાલય માટે બરમા સુધી પર્યટન કરી ૧૦ લાખ ભેગા કર્યા, કટ્ટર નાફેરવાદી થયા, પક્ષાપક્ષીઓમાં અનેકના અળખામણા બન્યા, પણ અસહકારના ધ્રુવના તરફથી તેમની દૃષ્ટિ કદી ન ચસી. આ સમયે ગુજરાત પ્રાંતિક સમિતિની કચેરીમાં બેસીને કલાકના કલાક સુધી સુંદર એકધારૂં વળદાર સૂતર કાઢતા વલ્લભભાઇને ઘણાએ જોયા હશે. મહાસભામાં જતા, પણ તેમને બહુ રસ રહ્યો નહોતો. ધારાસભામાં જવા ઇચ્છનારાને જવા દેવાનો ઠરાવ દિલ્હીની મહાસભામાં આવતાં તેમનો કંઠ ગળગળો થયો, પણ હવે 'જેના હાથમાં સુકાન છે, જેની મારફતે જ હિંદુમુસ્લિમ ઐક્ય

ટકાવવું છે તેને જ આ ઠરાવનો આગ્રહ છે તો બીજું શું થાય ? ' એ વિચારે, ન છૂટકે તેમણે એ ઠરાવ સ્વીકાર્યો. પણ તેમની તત્ત્વનિષ્ઠા કદી ઝાંખી પડી નહિ.

વીર સેનાપતિ

પુનર્જન્મનો સિદ્ધાન્ત ઘણાખરા હિંદુ માને છે. હું એકવાર ન્હોતો માનતો પછી માનતો થયો, પણ મને એ વિષે આડા અવળા પ્રશ્નો કરી કોઇ ગુંચવવા માગે તો ગુંચવી શકે. છતાં પુનર્જન્મનો એક અર્થ હું કરું છું તેવો ભાગ્યે જ બીજા કોઈ કરતા હશે. મને ઘણીવાર લાગ્યું છે કે કોઇ મહા પુરુષાર્થી પુરુષને અચાનક મૃત્યુ ઝડપે છે ત્યારે તેને કદાચ પાછો ક્યાંક જન્મ લઇ જીવન ફરી જીવવું પડતું ન હોય: તેનો આત્મા જીવંત પુરુષોમાં જ પ્રવેશ કરે છે, અને તેમની મારફત પોતાનું કામ ચાલુ રાખે છે. આ કલ્પના હસવા જેવી ભલે લાગે, મને એ પ્રિય લાગે છે. મગનલાલ ગાંધી સ્વર્ગસ્થ થઇને પાછા ગાંધીજીમાં જ અવતર્યા હોય એમ મને ભાસે છે, તેમ જ ૧૯૨૦માં સ્વર્ગસ્થ થઇ તિલક મહારાજે વલ્લભભાઇમાં અવતાર લીધો હોય તો નવાઇ નહિ. ૧૯૨૨ પછીની દરેક લડતમાં વલ્લભભાઇએ જે કાર્ય કર્યું તે કાર્ય લોકમાન્યને યાદ કરાવે એવું છે. અને આજે તો બારડોલીને ગામડેગામડે ફરી ગુજરાતને લોકશિક્ષણ આપતા, બારડોલી દ્વારા ગુજરાતનું ઐક્ય સાધતા, અને ગુજરાતનું ઐક્ય સાધી સ્વરાજના પાયા કાયમ કરતા વલ્લભભાઇ, જેલમાંથી છુટીને આવી મહારાષ્ટ્રને લોકશિક્ષણ આપી '**स्वराज माझा जन्मसिद्ध हक्क आहे**' નો મંત્ર મહારાષ્ટ્રદ્વારા આખા દેશને પઢાવતા લોકમાન્યનું બરોબર સ્મરણ કરાવે છે. મારી તો એવી પ્રતીતિ છે કે મનઃસ્વભાવથી

(temperamentally) પણ વલ્લભભાઈ ગાંધીજી કરતાં લોકમાન્ય તરફ વધારે ઢળેલા હશે, પણ મનઃસ્વભાવને બદલી, **'शठं प्रति शाठ्यं'**ની નીતિ સ્વીકારવાના પોતાના મનોવલણને તદ્દન પલટાવી નાંખી, ગાંધીજીનો માર્ગ વિશેષ શ્રેયસ્કર છે એમ મનની સાથે સિદ્ધ કરી તે જ માર્ગની વ્યવહાર્યતા અને કાર્ય-સાધકતા તેમણે સિદ્ધ કરી આપી એ આ યુગની અનેક ચમત્કૃતિઓમાંની એક ચમત્કૃતિ છે.

ખેડાની લડત દરમ્યાન શાંત અહિંસક લડત લેવાના પાઠ તેઓ શીખતા હતા ત્યારે ભાગ્યે જ કોઇને લાગ્યું હશે કે એવી જ લડાઇ થોડા જ સમયમાં વલ્લભભાઈ પોતે લેતા થશે. પણ અજ્ઞાત રીતે તેમના પાઠ ચાલતા જ હતા. સાચા નેતા થવા માટે એક ગુણ અત્યાવશ્યક છે, અને વલ્લભભાઇમાં તે ક્યારનો યે હશે--પોતાની મર્યાદાનું ભાન. એ મર્યાદાનું ભાન એમને જેટલું છે તેટલું બહુ ઓછા નેતાઓમાં મળી આવે છે. ગમે તેટલા ઉકળાટમાં પણ ન ઉભરાય એવી હિંમત હતી જ, અપાર વ્યવહારજ્ઞાન વકીલાતમાંથી મળ્યું હતું, તેમાં સત્ય અને અહિંસા વિષેની અચળ શ્રદ્ધા મળી, અને એ ત્રણ હથિયારથી એઓ પોતાની લડાઇઓ લડ્યા છે. ગાંધીજીની જેમ પોતે એકે કામ વહોરવા નથી ગયા, જેમ ગાંધીજીને બધાં કામ આવીને વળગ્યાં, તેમ વલ્લભભાઇને વળગ્યાં, અને ઘણાં વળગત તેને પોતે જ કાપતા ગયા. નાગપુરની લડતમાં પોતે ગુજરાતથી સૈનિકો મોકલતા હતા, આખરે પોતાને જવું હતું, ત્યાં મહાસભાએ તેમને જમનાલાલજીનું સ્થાન લેવાનો હુકમ કર્યો. એ પહેલાં મારા જેવા કેટલાક ઉત્સાહીઓને વ્યક્તિગત સવિનયભંગની ચળવળ ઉપાડવાનું મન થયું હતું, પણ અમને સૌને સમજાવીને

એમણે શાંત પાડેલા. બોરસદની લડત લેવાની આવશ્યકતા તો તેમણે પલકવારમાં જોઇ લીધી. બારડોલીની ઉપાડવા વિષે ભારે અવિશ્વાસ હતો, બે વાર આગ્રહ કરનારાઓને ટાળેલા, આખરે ત્રીજી વાર જ્યારે પાછો આગ્રહ આવ્યો, બસેં ત્રણસેં જણે મરણિયા થવાની તૈયારી બતાવી ત્યારે તેમની પાસે બીજો ઉપાય જ ન્હોતો. ગયે વર્ષે એક સત્યાગ્રહની લડત એમને વળગતી હતી તેને પોતે જ ટાળેલી. આમ સેનાપતિ તરીકે ચૂંટાવાને તેમને સુયોગ્ય કરનાર, હું અગાઉ કહી ગયો તેમ, તેમનું મર્યાદાનું ભાન, શ્રદ્ધા, હિંમત અને ત્યાગ હતાં. મહાસભાની એકે બેઠકમાં તેમણે કદિ ભાષણ નથી આપ્યું, મહાસમિતિમાં પણ ભાગ્યે જ કોઇ વાર બોલે છે--અમદાવાદની પેલી અતિહાસિક બેઠકમાં દરેક વેળા ગાંધીજીને ભાષણ વિના ટેકો આપી ગાંધીજીના 'અંધ' અનુયાયી તરીકે પોતાને ઓળખાવવામાં તેમણે માન માનેલું. તેમનું મૌન જ તેમની શક્તિનો ભારે પુરાવો બન્યું અને સૌ કોઇ તે પારખી ગયું હતું.

જમનાલાલજીના જેલ જવા પછી નાગપુરની લડતના નાયક તરીકે મહાસભાએ વલ્લભભાઇને નીમ્યા. એ લડતમાં જોડાયા પહેલાં જ ગુજરાતથી તેઓ સૈકડો સૈનિકો મોકલી ચૂકયા હતા. તેમના ગયા પછી ગુજરાતના અનેક વીરો ગયા. ત્યાંના ગવર્નરે આખી લડત બેકાયદે છે, અને રાજ્ય ઊંધું વાળવાને માટે છે એવું આજના ગવર્નર જેવું જ ભાષણ આપેલું. આ પછી તરત ગવર્નરને વલ્લભભાઇને બોલાવવા પડયા, અને એકાદ બે અઠવાડિયામાં લોકોનો હક સ્વીકારાયો, અને હજાર ઉપરાંત કેદીઓને મુક્ત કરાવી વલ્લભભાઇ વિજયધ્વજ ફરકાવતા ઘેર આવ્યા. તે વેળા પણ વિજય ન્હાનોસૂનો ન્હોતો,

પણ લોકજીવનમાં એટલી ફાટફૂટ, એટલો કડવાશ ભરેલી હતી કે એ વિજય તેમાં ડૂબી ગયો કહેવાય.

આ પછી બોરસદની લડાઇ આવી. બોરસદના જેવી સ્વચ્છ અને ક્ષિપ્રવિજયી લડત હિંદુસ્થાનના ઇતિહાસમાં તો હજી નથી લડાઈ. બોરસદની પ્રજા ઉપર બહારવટિયાઓને આશ્રય આપવાનું, બહારવટિયાઓને પકડવામાં મદદ ન કરવાનું આળ ચઢાવી, વધારાની પોલીસ મૂકી, તેના ખર્ચ માટે ૨,૪૦,૦૦૦ નો દંડ નાંખવામાં આવ્યો હતો. આમાંનો એકે આરોપ સાચો નથી એમ કહેવામાં વલ્લભભાઇએ સરકાર ઉપર ગંભીરમાં ગંભીર આરોપો મૂકયા, એ આરોપો સાચા ન ઠરે તો વલ્લભભાઇને અનેક વર્ષની જેલ મળે, એ સાચા હોય તો સરકારથી પેલો દંડ લોકો પાસે લેવાય નહિ. સરકારે એક બહારવટિયાને પકડવા બીજા બહારવટિયાની દોસ્તી કરી, તેને બંદુકો આપી, ખૂનો થવા દીધા, પોલીસે તેના અનેક ગુન્હા વિષે આંખાડા કર્યા—એવાં તહોમતો વલ્લભભાઇએ સરકાર ઉપર મૂકયાં. “ જે ખૂની એક લૂંટારો હતો તેના હાથમાં એક બીજા લૂંટારાને પકડવા માટે બંદુકો આપવી પડે એ સરકારને માટે કેટલું શરમભરેલું છે ! તે તો સરકારનું નહિ, પણ બહારવટિયાનું જ રાજ્ય થયું. બહારવટિયાને મદદ કરવા માટે લોકો પર દંડ મૂકવામાં આવ્યો; હવે સરકારે બહારવટિયાને મદદ કરી—તેના હાથમાં બંદુકો આપી તેનો શો દંડ કરવો ? તેનો દંડ તો એક ઇશ્વર કરનાર છે. સરકારનાં પાણી વળતાં હોવાં જોઇએ, તેનો દિવસ આથમતો હોવો જોઇએ, નહિ તો તેને આમ ખૂનીની દોસ્તી કરવી પડે નહિ. હથિયારો હાથમાં આવ્યા પછી એ જ માણસે કેટલાં બધાં ખૂન અને લૂંટો કરી તે સરકાર ન જાણતી

હોય તેમ ન જ હોય. સરકારનો હેતુ બાબરને આની મદદથી પકડવાનો હશે, પણ લોકોને શી ખબર સરકારનો શો હેતુ હતો? સરકારે જાહેર કરવું જોઇએ કે તેણે ભૂલ કરી છે. બહારવટિયાએ જે જે અત્યાચારો ગરીબ પ્રજા ઉપર કર્યાં હોય તેની જવાબદારી સરકારની જ છે."

આ જ પ્રકારના આક્ષેપો તેમણે દિવસ રાત એક મહિના સુધી ગામડે ગામડે ફરીને મૂક્યા, સરકારી રિપોર્ટરોએ આંખમાં તેલ આંજીને શબ્દે શબ્દના રિપોર્ટો કર્યા. વલ્લભભાઈ આજે પકડાશે કાલે પકડાશે, એમ સૌ માનતું હતું, ત્યાં તો સવા મહિનાની અંદર, સરકારે પોતાના 'હોમ મિનિસ્ટર' (ગૃહસચિવ)ને તપાસને માટે મોકલ્યા અને દંડ માફ કર્યો. લડતની પૂર્ણાહુતિ કરતાં તેમણે જે ભાષણ કર્યું તેમાં વિજય તેમણે સત્યાગ્રહીઓનો અને સરકારનો બંનેનો જાહેર કર્યો.

બોરસદ તાલુકાનું સંગઠન હેરત પમાડનારું હતું. ત્યાં લોકોની જમીન ખાલસા થઈ શકે એમ હતું નહિ એટલે જપ્તીઓ કરતાં સરકારના કંઠે પ્રાણ આવ્યા અને તુરત સરકારને નમવું પડ્યું. નાગપુરમાં તો એક મેજીસ્ટ્રેટના અવિચારી હુકમના અનાદરને રાજ્ય ઊંધું વાળવાની હીલચાલ તરીકે વર્ણવવામાં આવી હતી અને સરકારે પોતાનાં બધાં શસ્ત્રો તેને દબાવી દેવાને માટે વાપરવાની ધમકી આપી હતી, બોરસદમાં સરકારે એવી ઢોંગધમકીનો આશ્રય લેવાને બદલે લોકોની માગણીનો સીધી રીતે સ્વીકાર કર્યો. એ જેમ તે વખતની સરકારનું ડહાપણ સૂચવે છે, તેમ લોકોના પક્ષનું સાચાપણું અને લોકોના સંગઠનની ખૂબી પણ સિદ્ધ કરે છે. એ લડતની અસર એટલી બધી સરસ થઈ કે આણંદ તાલુકાનાં કેટલાંક

ગામો ઉપર નાંખેલો એવો જ કર સરકારે કેવળ એક અરજી ઉપરથી જ રદ કર્યો.

રચનાત્મક કાર્ય

સ્વરાજ્ય મળ્યા વિના કારાગૃહમાંથી છુટવાનું ગાંધીજીને વસમું લાગે માટે આ વિજયી લડતો જાણે આશ્વાસનરૂપે પ્રભુએ તેમને માટે તૈયાર રાખી. ગાંધીજી છુટયા પછી લડતો કરવાનું વલ્લભભાઈને રહ્યું નહિ, એટલે તેઓ પોતાને મનગમતા રચનાત્મક કાર્યમાં પડયા. આ કાર્ય તે શહેરસુધરાઈ. 'પાંચ વર્ષથી તો અહીં અમદાવાદમાં ગટરપાણીમાં પડેલો હતો' એ શબ્દોમાં તેમની એ કાર્ય વિષેની મમતા અને અભિમાન આવી જાય છે. પાંચ વર્ષ એ કાર્ય કરીને તેમણે શહેરની કેટલી સેવા કરી છે તે તો તેમની સેવા ખોઈ બેસનારાઓને આજે બરોબર સમજાતું હશે. સરકારે તો તેમના વહીવટનાં મુક્ત કંઠે વખાણ કર્યા છે. ડા. હરિપ્રસાદના હાથ નીચે પોળો સાફ કરનારી ટુકડીઓ ઊભી કરાવીને પોળે પોળે ભાષણોની યોજના કરી શહેરના કેટલા યે કાળના કચરા તેમણે સાફ કરાવ્યા. આજે પણ અમદાવાદ પાંચ વર્ષ ઉપર જેટલું ગંદું લાગતું હતું તેટલું જ લાગે છે એમ કહીને વલ્લભભાઈએ કશું જ કામ કર્યું નથી એમ કોઈ ન કહે. એ તો આજે પણ પરદેશી કપડાંની દુકાનો એટલી ને એટલી જ દેખાય છે, એટલે ખાદીએ કશું કામ કર્યું નથી એમ કહેવા બરાબર છે.

પણ તેમના રચનાત્મક કાર્યનો ઉત્તમ નમૂનો તો તેમનું પ્રલયનિવારણનું કાર્ય. જ્યારે સરકાર માથે હાથ દઈને બેઠી હતી, ત્યારે વલ્લભભાઈએ મોકલેલા સ્વયંસેવકો પ્રલયવાળા ભાગોમાં પહોંચી વળ્યા હતા. પ્રાંતિક સમિતિ મારફતે જે

પ્રલયનિવારણ મંડળ રચવામાં આવ્યું, તેમની દેખરેખ નીચે જે કાર્ય થયું તેની વ્યવસ્થા, કરકસર, કાર્યદક્ષતા જોઇને સરકાર પણ હેરત પામી. વલ્લભભાઇએ દુકાળ ફંડમાંથી માગેલા કરોડ રૂપિયા પણ સરકારને કાઢવા પડયા. એક કરોડ રૂપિયા સરકારે કેવી રીતે કાઢયા એની વિગતમાં ઊતરૂં તો એક પ્રકરણ ભરાય. એ પણ એક લડત હતી. કમિશ્નરની સાથે તેમને આ સંબંધમાં જે પત્રવ્યવહાર થયેલો તે એમના જીવનમાં એક અગત્યનું પ્રકરણ પૂરૂં પાડે એમ છે. એ કરોડની માગણી સ્વીકારતાં જ સરકારે વલ્લભભાઇની સત્તા અને શક્તિનું પૂરૂં પારખું કર્યું હતું. પ્રજાને મદદ વહેંચવામાં સરકારી અમલદારોને સમિતિના માણસોની મદદ લેવી પડી, બલ્કે એક સમયે તો સરકારને માત્ર નાણાં પહોંચાડવાનું જ કાર્ય કરવાનું રહ્યું, તેની આખી વ્યવસ્થા પ્રાંતિક સમિતિના કાર્યકર્તાઓને જ રહી. સરકારના અર્થસચિવે ગાંધીજીની ગાદી વલ્લભભાઇએ સાચવી એમ જગતની આગળ કબૂલ કર્યું.

વલ્લભભાઇનું જીવનચરિત્ર લખાય તો તેમાં જેમ નાગપુર, બોરસદ અને બારડોલી સ્વતંત્ર પ્રકરણો રોકશે તેમ જ પ્રલયનિવારણને અંગે પણ કેટલાંક કિંમતી પ્રકરણો રોકાશે. બારડોલીની લડતથી સરકારનું રાજ્ય બારડોલીમાં ગયું હોય, અને વલ્લભભાઇનું રાજ્ય થયું હોય એમ ભલે લાગે. પણ વલ્લભભાઇ " ગુજરાતવલ્લભ "ના પદને લાયક તો પ્રલયથી જ થયા, ગુજરાતના હૃદયના સરકાર તેઓ તે જ દિવસથી બન્યા. બારડોલીએ વીર સરદાર તરીકે તેમને જગતમાં જાહેર કર્યા.

બારડોલી

જાણે બારડોલીની લડતને માટે ઇશ્વરે પ્રલયની ભૂમિકા રચી

હોય એવું થયું, કારણ બારડોલીમાં અને બારડોલી બહાર પ્રજાએ વલ્લભભાઈનો જે પડયો બોલ ઉપાડી લીધો તે પ્રલયનિવારણકાર્યના પ્રતાપ છે. એ બારડોલી વિશે શું લખવું ? બારડોલીમાં થયેલા કાર્યનું મહત્ત્વ આંકવાનો આજે સમય નથી. એનું પૂરું મહત્ત્વ ભવિષ્યમાં સમજાશે. આજે તો કેવળ સપાટી ઉપર જણાતી વિગતો જ ચમત્કાર જેવી લાગે છે. ૫૫ વર્ષ થયાં જમીન મહેસુલના સવાલમાં સરકારના એક અમલદારના બ્રહ્મવાકયની સામે કોઇ ન થઇ શકે એવી માન્યતા ચાલી આવી હતી, તે માન્યતા મિથ્યા કરવાને માટે વલ્લભ-ભાઇએ ગરીબ, ભોળા, સરકારની મરજી સાચવનારા એવી વસ્તીવાળા તાલુકાને તૈયાર કર્યો, ચાર મહિનાની અંદર એ જ પ્રજાને અપૂર્વ બળનો અનુભવ કરાવ્યો, તે એટલે સુધી કે ‘શત્રુ ’એ પ્રજાના નિઃશસ્ત્ર વિરોધની સફળતા કબૂલ કરી. સરકારની સત્તાનાં મૂળ ઊખડી ગયાં એમ જગત આગળ જાહેર કર્યું, આખી લડત શહેનશાહની સત્તાની સામે બળવા તરીકે વર્ણવી અને એ ‘ બળવા ’ સામે સરકારે પોતાનું બધું બળ ખપાવવાનો નિશ્ચય જાહેર કર્યો. સરકારના એ નિશ્ચયમાં જ સરકારની હાર જાહેર થઈ. છેવટે જે સમાધાન થયું તે સમાધાનનો પ્રકાર એ હારને વધારે ભૂંડી બતાવે છે એમ ઇતિહાસકારે કહેવું પડશે. જે વસ્તુ સુરતમાં જ સરકારે કબૂલ કરી હોત તે વસ્તુ હબસીના ડાબા કાનની જેમ ચૌદ દિવસ પછી આડકતરી રીતે કબૂલ કરી તેમાં સરકારની શોભા નથી જાહેર થતી. ગાલ ઉપર તમાચો મારીને મ્હોં લાલ રાખવાનો પ્રયત્ન એ આખી સમાધાનીમાં સ્વચ્છ દેખાય છે. અને આખરે શું ? એક વાક્યમાં કહીએ તો વલ્લભભાઇએ

જ્યારે પ્રતિષ્ઠાના ભૂતનો પડછાયો પણ પોતા ઉપર ન પડવા દીધો ત્યારે સરકારે તે ભૂતને પોતા ઉપર સવારી કરવા દીધી. સમાધાની પછી ગાંધીજીને એક અમેરિકન મિત્રે આ પ્રમાણે લખ્યું હતું:

"બારડોલીના ખેડુતોને, આપને અને વલ્લભભાઇને અનેક ધન્યવાદ. આ અદ્ભુત લડત, લડત કેવી રીતે લડવી અને તેની યોજના કેવી રીતે કરવી એનો દેશની આગળ અસરકારક પદાર્થપાઠ થઈ પડશે. અલ્પને માટે ભારે ભોગ અપાયો હોય એમ લાગે છે, પણ જે સંકટ સહન કરવામાં આવ્યું તેના પ્રમાણમાં લડતનાં ભાવી પરિણામો તો ઘણાં વધી જશે. એ વિજયથી તમામ ખેડુતવર્ગની નસેનસમાં કોઈ અજબ નશાની ખુમારી ચડશે."

દેખીતી રીતે વિરોધી હિત ધરાવનારા વર્ગો અને અનેક જાતિઓથી વસાયલો બારડોલી તાલુકો કેળવવાનું અસાધારણ વિકટ કામ વલ્લભભાઇએ અજબ સફળતાથી કર્યું એની ઇતિહાસકાર સાક્ષી પૂરશે. વલ્લભભાઈની તિલક મહારાજની સાથે કરેલી તુલના આ લોકશિક્ષણના કાર્યની બાબતમાં વધારેમાં વધારે બંધબેસતી દેખાય છે.

હું આગળ કહી ગયો કે તિલક મહારાજની અગાધ વિદ્વત્તાનો, તેમના અપાર શાસ્ત્રજ્ઞાનનો, અને વલ્લભભાઈમાં એ બંનેના અભાવનો વિચાર કરીએ તો એ તુલના અયોગ્ય લાગે. પણ તિલક મહારાજ લોકમાન્ય બન્યા તે તેમની અગાધ વિદ્વત્તાએ નહિ કે અપાર શાસ્ત્રજ્ઞાને નહિ, પણ અન્યાયની સામે ઝૂઝવાની તેમની અપાર શક્તિને લીધે, તેમના અપૂર્વ ત્યાગને લીધે, લોકોના દુઃખ જાણી લોકોના અંતરમાં પ્રવેશ

કરવાની તેમની જાદુઇ શક્તિને લીધે. આ ત્રણે વસ્તુઓ વલ્લભભાઇમાં એટલી જ ભરી છે એમ ગુજરાતે બારડોલીની લડતમાં સવિશેષે જાણ્યું. લોકમાન્ય પણ જ્યારે આમવર્ગ આગળ ઊભા રહેતા ત્યારે તેઓ તેમની વિદ્વત્તા ન ઠાલવતા, પણ આમવર્ગના જ એક માણસ તરીકે ઊભા રહી તેમની જ ભાષા બોલતા. બારડોલીનાં અનેક ભાષણો જોશું તો તિલક મહારાજનાં અહમદનગર અને બેલગામનાં પેલાં ઐતિહાસિક ભાષણોના તેમાં ભણકારા સંભળાશે:

"સરકાર આપણને અધિકાર આપે છે તે કૂંડાંમાં આપણે છોડો રોપીએ છીએ તે પ્રમાણે. પણ મોટાં વૃક્ષ કરવાં હોય તો તો બીજ બહાર મોકળી જમીનમાં વાવવાં જોઇએ. કુંડાંનાં ઝાડ રૂપાળાં લાગે, પણ તે નાજુક, લાંબા દિવસ ટકનારાં નથી. દેશ પાસે કર કેટલા વસૂલ કરવા, આવકના પ્રમાણમાં ખર્ચ કેટલો કરવો, એ અમને સમજાય કે તમને વધારે સમજાય? લડાઈ ઉપર કેટલા પૈસા ખર્ચવા એ બાદશાહ નથી ઠરાવતો પણ મુખ્ય પ્રધાન ઠરાવે છે. તેની ભૂલ થાય છે તો તે રાજીનામું આપે છે, અને તેને રાજીનામું આપવાની ફરજ પાડવામાં સરકારનો ગુન્હો નથી થતો. આપણને સ્વરાજ મળે તેથી અંગ્રેજનું રાજ બુડે એમ નથી. અમારે જે જે દરવાજે બહાર નીકળવું હોય તે તે દરવાજા રોકીને નોકરશાહી ઊભી છે, તેને ધક્કો મારીને અમારે બહાર નીકળવું છે, એની આડખીલી અમને ન જોઇએ. આડખીલી તો ખરી જ અને તે ઉપરાંત પાછા મોટા મોટા પગાર! 'તમારે માટે વિલાયતની ઠંડી હવા છોડીને અહીં આવ્યા છીએ' એમ અંગ્રેજ અમલદાર કહે છે. પણ તને અહીં બોલાવ્યો હતો કોણે?" તિલક

મહારાજના આ ઉદ્‍ગારો વલ્લભભાઈના કોઈ પણ ભાષણમાં મૂકી દઇએ તો બહારથી મુકાયલા ન લાગે.

હવે વલ્લભભાઈના આ શબ્દો લો: "સરકાર એટલે કોણ? સરકાર એટલે કલેકટર? સરકાર એટલે મામલતદાર? કે ફોજદાર કે તલાટી? આ બધા મળીને સરકાર બનેલી છે એટલે એનો ક્યાં પત્તો લાગે? કોઈ એક વ્યક્તિ નથી એટલે આપણે કોને સરકાર માનીએ? આપણે પોતે જ ભ્રમથી અમુક એક જણને સરકાર માનીએ અને તેનાથી ડરીએ છીએ. તમારે ડરવાનું કશું કારણ નથી. તમે કોઇની ચોરી કરી નથી, તમે લૂંટફાટ કરી નથી, મારામારી કરી નથી, ડરવાનું શું કારણ હોય? . . . પાંચ હજાર માઇલથી આવેલા વાણિયાથી તમે શા માટે ડરો? તમે આ દેશના જ વતનીઓ પોતાના ઘરમાં બેઠા પરદેશી વાણિયાથી ડરો? જે પરદેશી રાજ્ય કરનારા છે તે તો સુરતથી અહીં આવ્યા પણ નથી. એ ત્યાં જ બેસીને મહાલકરીને અને મામલતદારને અને ડેપ્યુટી કલેકટરને કહે છે કે તમે લોકોને સમજાવો, દબાવો. એ પોતે કોઈ દરિયાકાંઠે કે શીતળ ટેકરી પર હવા ખાતા હશે." આ શબ્દો અને એની આગળના ઉતારાના શબ્દો જુદા જુદા ભાષણકર્તાના છે એમ કોઇને નહિ લાગે.

પણ શબ્દો કરતાં પણ એ હૃદયસ્પર્શી શબ્દોથી જે અનૈક્યમાંથી ઐક્ય પ્રગટ્યું, જે ભયનું વાતાવરણ પલટાઇ અભયનું વાતાવરણ બન્યું તે મારી તુલનાને વધારે સાચી પાડે છે.

નાગપુર, બોરસદ અને બારડોલી એ ત્રણ લડતના વલ્લભભાઈને સરખાવતાં જોશું કે નાગપુરમાં તો વલ્લભભાઈએ તંબુમાં બેસી લડતના વ્યૂહો ઘડીને સરદાર લડત જીતે તેમ લડત

જીતી, ભાગ્યે જ એકે ભાષણ તેમને કરવું પડ્યું હશે; બોરસદની લડત એટલી ટૂંકી હતી કે વલ્લભભાઈના ભાષણના ભણકારા પણ ગુજરાતમાં પહોંચ્યા નહોતા ત્યાં તો વિજય મળ્યો; બારડોલીએ જ વલ્લભભાઈના આત્મા અને વાણીનો ગુજરાતને પરિચય કરાવ્યો. એક મિત્રે મને કહ્યું હતું કે 'બારડોલીએ વલ્લભભાઈને આસ્તિક બનાવ્યા.' એ પહેલાં વલ્લભભાઈ નાસ્તિક હતા એમ હું નથી માનતો. પણ બારડોલીએ તેમની આસ્તિકતા પ્રગટ કરી એમ જરૂર કહી શકાય. બારડોલીના લોકોની સાથે એમણે તાદાત્મ્ય અનુભવ્યું, અને જે ભયંકર લડતમાં અપાર આપભોગ માગવામાં આવતો હતો તે ઈશ્વરશ્રદ્ધા વિના લડી શકાય નહિ એમ તેમને ઊગી ગયું, લોકોએ જે શ્રદ્ધાથી લડતમાં ઝંપલાવ્યું તે શ્રદ્ધાએ વલ્લભભાઈની ગુપ્ત ચિનગારીને ઉદ્દીપ્ત કરી, અને વલ્લભભાઈની ઉદ્દીપ્ત ઇશ્વરશ્રદ્ધાની પાછી લોકો ઉપર અસર થઈ એમ કહી શકાય. સંગીતનો શોખ વલ્લભભાઈને હોય એમ મેં જાણ્યું નથી, પણ બારડોલીની નિર્મળ બ્હેનોના ઉલ્લાસથી ગવાતા ગરબાઓ અને ગીતોએ તેમને હલાવ્યા, અને તેમનામાં એક નવો રસ ઉત્પન્ન કર્યો. આમ બારડોલીના લોકોને વલ્લભભાઈએ જેમ આપ્યું તેમ તેમની પાસે પણ તેમણે ઘણું મેળવી લીધું. ગાંધીજી કહે છે તેમ બારડોલીમાં વલ્લભભાઈને 'વલ્લભ' મળ્યા. એટલે તેમનાં બારડોલીનાં ભાષણોમાં આશ્ચર્યકારક ઈશ્વરશ્રદ્ધા અને ઉલ્લાસ જ્યાં ત્યાં જોવામાં આવે છે, અને જેમણે તેમને પ્રત્યક્ષ બોલતા જોયા છે તેમણે તેમની આંખમાં અલૌકિક તેજ ભાળ્યું છે. વૈખરીનો શોખ તેમને કદી હતો નહિ, એટલે ભાષણની તૈયારી શી કરવાની હોય? કદી તેમણે અગાઉથી વિચારી રાખેલાં ભાષણ કર્યાં હોય

એમ લાગતું નથી એટલે જ તેમની વાણીમાં અજબ સ્વાભાવિકતા લાગે છે. 'હાલાં થોથાં' કૂટવાની તો તેમને કદી ટેવ હતી જ નહિ, પરીક્ષાને માટે વિલાયતમાં ઢગલા ચોપડી વાંચી હશે તે સિવાય વકીલાતમાં કે બેરિસ્ટરીમાં કાયદાનાં પુસ્તકો પણ ઝાઝાં વાંચ્યાં નહોય: અને નવરાશમાં તો 'બ્રિજ' ખેલવાનું, વાતડીઆં અથવા આંટા મારવાના, એટલે તેમના ભાષણમાં પુસ્તકિયા સંસ્કાર નથી જોવામાં આવતો.

આમ એ ભાષણોનો વિચાર કરતાં તેમણે ગુજરાતી ભાષાને આપેલા ફાળાનો પણ વિચાર કરવાનું મન થઇ જાય છે. એક લેખકે એક વાર 'અબ્રાહમ લિંકનનું કવિત્વ' નામનો લેખ લખ્યો હતો. લિંકન કવિ તો ન્હોતો છતાં તેનાં ભાષણો અકૃત્રિમ કાવ્ય જ નહિ પણ પદ્યથી ભરેલાં હતાં એમ તેણે બતાવ્યું હતું. તે જ પ્રમાણે વલ્લભભાઈ સાક્ષર નથી—તિલક મહારાજની સરખામણીમાં તેમને નિરક્ષર કહીએ તો ચાલે—તો પણ તેમની નિરક્ષરતામાં જ તેમની વાણીની નૈસર્ગિકતા અને ચમત્કૃતિ દેખાય છે. બેરિસ્ટર થયા છતાં તેમણે અંગ્રેજીનો બોજો પોતાના મન ઉપર કદી પડવા દીધો જ નથી, જાણે કાંટા ચમચા અને છરી વાપરીને પાછા પરદેશમાં છોડી આવીએ એવી રીતે એ ભાષાનો પ્રયોગ તેમણે કેવળ અંગ્રેજી જ જાણનારાની સાથે વ્યવહારપૂરતો રાખ્યો. તેમણે અંગ્રેજી ઉપર પ્રયત્ન કર્યો હોત તો કદાચ તેઓ અંગ્રેજી શ્રોતાઓને રીઝવે એવાં ભાષણો કરતા હોત પણ એમ કરતાં પોતાની માતૃભાષા ખોઇ બેઠા હોત. આજે 'માતૃભાષા' શબ્દ તેમની વાણીમાં વિશેષ સાર્થ થયો છે. તેમનાં ભાષણોમાં તેઓ આત્મા ઠાલવે છે, અને તેમના આત્મામાં માતૃભૂમિ—એટલે ખેડુતોની ભૂમિ—

માટે અપાર પ્રેમ ભરેલો છે તેથી તે ભૂમિમાંથી લીધેલી, દરેક ખેડુત દીકરો સમજી શકે એવી વાણી એ ભાષણોમાં સાંભળવાની મળે છે. હૃદયમાં સોંસરી પહોંચે એવી અને સૂત્રરૂપ વાણી સાંભળવી હોય તો ગાંધીજીના લેખો અને ભાષણો વાંચો એમ આપણે કોઈને કહીએ, તો ગુજરાતની જ બોલીથી ભરેલી, ગુજરાતના ખેડુતને પહોંચી શકે એવી વાણી સાંભળવી અને શીખવી હોય તો વલ્લભભાઇનાં ભાષણો વાંચો એમ નિઃસંકોચ કહી શકાય. એ ભાષણોમાં રહેલી વીરતા અને શૂરતા તો ગુજરાતના ખેડુતોને વર્ષોનાં વર્ષો સુધી ચેતન આપતી રહેશે જ, પણ જે ભાષામાં એ શૂરતા ઊતરી છે તે ભાષા વિના કદાચ એ ભાષણો લોકોને નહિ પહોંચી શકત.

એમનાં ભાષણો ઉપર ઉપરથી જોઇ જતાં પણ તેમાંના કેટલા બધા તળપદા પ્રયોગો, કેટલી અર્થગર્ભ કહેવતો આંખે ચડે છે! જાણે ખેડુતને અભય બનાવવાને માટે જ નહિ, પણ કેવળ ગુજરાતી ચાર ચોપડી ભણેલો, અરે અભણ પણ, ખેડુતનો નાયક થઇ શકે છે એમ ખેડુતને સમજાવવાને માટે એ ભાષણ થયાં હોય. એ ભાષણો વાંચ્યા પછી નીચેના પ્રયોગો કોણ ભૂલશે?

" કણબી કેડે ક્રોડ, કણબી કોઇ કેડે નહીં;" " નોકર બિચારા કયા કરે લૂણ પરાયા ખાય;" " એક ઠીકરી આખાને ફોડવાને પુરતી છે, ઘડાથી ઠીકરી શા સારૂ ડરે?" " આપણે મગતરાં ભલે હોઇએ પણ હાથીના કાનમાં એક દિવસ લાગ જોઇને પેસી જવું છે;" " જમીનમાં બે ત્રણ કપાસિયા નાંખી દો છો, ત્યાં સડીને તે ફાટે છે અને પરિણામે સોગણા

કપાસિયા નીપજે છે. તમે ૮૦,૦૦૦ કપાસિયા થઈને ધરતીમાતામાં ખુવાર થઇ જાઓ;" "પટેલ, તલાટી, રાવણિયા કુહાડાના હાથા બનેલા છે, કુહાડાના હાથામાંથી નીકળી જાઓ;" "ધારાસભામાં ભલે થૂંક વલોવે, તમે તમારૂં કામ કરો;" "નોકરશાહીએ એક્કો કર્યો છે તેને તમે તોડો;" "એ બધાં એક જ મરઘડીનાં ઈંડાં છે;" "એ તો સરકારી રોગચાળો ફાટી નીકળ્યો છે એમ સમજોની;" "કાણું પાડનારને નાવમાંથી બહાર કાઢો;" "મારી પાસે તો માત્ર નેપાળાની ગોળી છે."

હા; એમની જીભની તીખાશ પણ કોકવાર બહાર નીકળે છે. 'ટાઇમ્સ' માં એમની 'અહિંસા' ની ઠેકડી કરવાને માટે કેટલાક ફકરાનું અક્ષરશ: અને બરડ ભાષાન્તર કરવામાં આવ્યું હતું પણ 'ટાઇમ્સ'વાળાને શેનું ભાન હોય કે વલ્લભભાઇની આકરી અને તીખી વાણીમાં લોકોને હિંસા કરવાને પ્રેરવાની અસર નથી, લોકો તો તેમની આંખમાંથી જે લેવાનું તે લઈ લે છે, ઘડીકવાર હસી લે છે, અને મૂળ જે અહિંસાની વાત તેની ગાંઠ વાળે છે. અમલદારોની અનેક ઠેકડી કરનાર વલ્લભભાઇ જ્યારે અમલદારોની મોટર ખૂંચી વગડામાં તેઓ નિરાધાર બેઠા હતા ત્યારે પોતાની મોટરમાંથી ઊતર્યા, લોકોને બોલાવી મોટર કાદવમાંથી કઢાવી, અને અમલદારોને પોતાની સાથે મોટરમાં લીધા. વાણીના કરતાં આ પ્રકારના વર્તનની અસર લોકોના ઉપર વિશેષ થાય છે. નીચે આપેલા કડવા અને આકરા પ્રયોગોમાં ઝેર નથી, પણ લોકોની ભડક ભાંગવાનો, લોકોને અમુક વસ્તુ તેમની ગ્રામ્ય ભાષામાં સમજાવવાનો જ ઉદ્દેશ છે એ સૌ કોઈ સમજશે :

"એકે વેઠિયો નથી મળતો, ગાડાવાળો નથી મળતો તેથી જ ખરી ચૂંક સરકારને પેઠી છે;" "શું પટેલો દુબળા છે જે દુબળાનું કામ કરે?" "શું તલાટીઓ સરકારની પરણેતર સ્ત્રીઓ છે કે સરકારની રાત દિવસ ગુલામી કરે?" "એ તમારામાં ફૂટ પાડનારા તો ઉધેવ જેવા છે તેને ખંખેરી કાઢો;" "એ બારડોલીના ખેડુતોની જમીનો લેવા નીકળેલાઓને મન જાણે કે ધરમ રાજાનો ગોળ લુંટાય છે. એમને ખબર નથી કે એ તો કાચો પારો છે. રૂંવે રૂંવે ફૂટી નીકળવાનો છે;" "એ મફ્ત જમીન લેવા આવનારાના પેલા મફ્ત નાળિયેર લેનારા લોભિયા બ્રાહ્મણ જેવા હાલ થવાના છે;" "એવી રીતે લોકોનો દ્રોહ કરનારાને રોમે રોમે કીડા પડવાના છે; "નામ ગુલાબ પણ કરમ બાવળની શૂળ જેવાં;" "નબળો અમલદાર ગાળ દે તો જાણજો કે ગધેડું ભૂંકે છે."

મેં આ છેલ્લાં વાક્યો ભૂંડામાં ભૂંડાં વાક્યો તરીકે ચૂંટી કાઢયાં છે, એમાં પણ લોકોની હિંસા ઉત્તેજવાનો ઉદ્દેશ નહિ જણાય, છેલ્લા પ્રયોગમાં તો લોકોને ગાળ દેનાર અમલદારની ગાળ ઉપર ધ્યાન ન આપવાનો ઉપદેશ છે—ભલે તે ગ્રામ્ય ભાષામાં હોય. અને બાવળની શૂળ જેવાં કામ કરનારને પણ લોકોએ મિષ્ટાન્ન જમાડયાં છે એ બારડોલીના લોકો સિવાય કોણ જાણે છે? વળી આવા પ્રયોગો ભાષણમાંથી જુદા પાડીને ટાંકવામાં ભાષણ કરનારને અન્યાય થાય છે, ભાષણની એકંદર અસર શી થાય છે એ જ જોવાનું હોય.

એ એકંદર અસર જોવી હોય તો એમનાં ભાષણોમાંથી ચિરસ્થાયી રહી જશે એવા કેટલાક ઉદ્દગારો અહીં આપું છું, એ જ એમના અનેક ભાષણોના મધુર અર્ક રૂપ છે. એમના

મજાક અને ટકોરથી ભરેલા ઉદ્‌ગારોની યાદ લોકોને ઘડીકવાર હસાવશે પણ આ ઉદ્‌ગારો અનેક કાળ સુધી લોકોમાં ચેતન પ્રેરતા રહેશેઃ

“ કોઈ એમ ન બોલતા કે બિચારા બારડોલી તાલુકાના ખેડુતો ! તેમનું શું થશે ? એ તો બહાદુર બનીને અને મોતનો ડર છોડીને બેઠા છે. સાચો ખેડુત મોતથી ન ડરે, ખુવારીથી પણ ન ડરે. એવા ખેડુતો જ્યારે દેશમાં થશે ત્યારે જ દેશનો ઉદ્ધાર થશે. જ્યારે જગતનાં રાજ્યોમાં ખેડુતો મુખ્ય ભાગ લઈ રહ્યા છે એ આપણે નજરે જોઇએ છીએ તે વખતે હિંદુસ્તાનમાં તેને ઇન્સાફ પણ ન મળે ? ખેડુત એવા કંગાલ હોય તેના કરતાં ન જ હોય તો શો વાંધો ? ખેડુત અને તેના મદદનીશ મજૂર એ બે જગતની મહાન શક્તિ છે. એ શા માટે કોઈ સરકારની ઠોકર સહન કરે ? ગુજરાતના ખેડુત તો એવા કુશળ છે, એવા કુંદન છે કે તેમના ઉપર રાજ્ય કરવા માટે કોઈ પણ સરકાર મગરૂર થાય. આવા ખેડુતને આ સરકાર પાટુથી મારે એ કદિ ન બને.”

“ જેમ વરસાદ આવતા પહેલાં વૈશાખ જેઠની અકળામણ આવે છે તેવી જ આજની આ અકળામણ બની જશે, તે આવ્યા વિના વૃષ્ટિ સંભવે નહિ. પ્રથમ અંધારૂં થાય, વાવાઝોડું થાય, કાટકા થાય ત્યારે છેવટે આવે. તેમ દુઃખ સહન કર્યા વિના સુખ આવે જ નહિ.”

“ તમે તોફાન ન કરો, તોફાનનું કારણ આપ્યા વિના ભલે તમને બધાને જેલમાં લઇ જાય. ટોળાં શું કરવા વળીએ ? આ વખતે સરકારનો પિત્તો ઉછળ્યો છે. છોને લોઢું ગરમ થાય, પણ હથોડાએ તો ઠંડું જ રહેવું જોઇએ. હથોડી ગરમ

થાય તો પોતાનો જ હાથો બાળે. તમે ઠંડા થઇ પડી રહો. કહ્યું લોખંડ ગરમ થયા પછી ઠંડું નથી થતું? કોઇ પણ રાજ્ય પ્રજા ઉપર ગમે તેટલું ગરમ થાય તો પણ તેને છેવટે ઠંડું પડયા વિના છુટકો જ નથી."

"સરકાર એમ ધારતી હોય કે મારી પાંખો કાપી નાંખી મને મહાત કરવો તો તેને અને તમને હું ખાતરી આપું છું કે તે તો વરસાદમાં જેમ ઘાસ ફૂટી નીકળે છે તેમ નવી ને નવી ફુટતી જવાની છે."

"જંગલમાં રહેનારા ડરે? જંગલમાં તો સિંહ વાઘ રહે. વાદળની સાથે વાતો કરતા તાડ ઉપર જીવના જોખમે ચઢી જનારા તમે સરકારથી ડરો?"

"અંગ્રેજને મારતાં અને મરતાં આવડે છે. પણ તે એકલાનો ઇજારો નથી. આપણે તો માત્ર મરવાની જ વિદ્યા શીખવી છે. અને તે આપણને શા માટે ન આવડે? શું આપણે રોજ આપણી આંખો સામે હજારોને મરતા નથી જોતા? શું મિલકતોના માલેકો કે મોટાં રાજ્યના ધણીઓ કોઇ અમર રહ્યા છે? કોઇ સરકાર કર્તા અને સંહર્તા એવા ઇશ્વરને ભૂલીને અભિમાન કરતી હોય કે અમે બારડોલી તાલુકાને ઉડાવી દઇશું તો તે તેનું મિથ્યાભિમાન જ છે. ઇશ્વરની ઇચ્છા સિવાય એવડા મોટા રાજ્યની સત્તા એક તણખલાને સુદ્ધાં હલાવવાને સમર્થ નથી. પણ વળી કલેકટર સાહેબ કહેશે કે બધી તત્ત્વજ્ઞાનની વાતો કરે છે. મારે તો તત્ત્વજ્ઞાનની વાત એ આધારસ્થંભ છે. તેમને એમાં સમજ ન પડે, તેમની અને મારી વાતો ન્યારી જ હોય."

"સરકારમાં રાવણની શક્તિ ભલે હોય, પણ સરકાર ન

ભૂલે કે એ રાવણની સત્તા બાર બાર વર્ષ એક અબળા સીતાને વશ ન કરી શકી, અને તે વણમોતે મુઓ. અહીં તો એક સીતા નથી પણ ૮૦,૦૦૦ ખેડુતોની ટેક તોડવાની છે."

"મરતાં અને મારતાં શીખવાની તાલીમ સરકાર સામાન્યમાં સામાન્ય માણસને ૭ માસની અંદર આપે છે. આપણે તો માત્ર મરતાં જ શીખવાનું છે. એમાં તો ત્રણ મહિના યે ન લાગે."

આ ઉતારાઓમાં આસપાસના વાતાવરણમાંથી સ્હેજ વીણી લીધેલી ઉપમાઓ જે જોવામાં આવે છે તે સાક્ષરી ગ્રંથોમાં જવલ્લે જ મળે. સાક્ષરની વલ્લભભાઈની વ્યાખ્યા જાણવા જેવી છે: 'સાક્ષર તે જ કે સાદી ભાષાને અટપટી અને કઢંગી કરે.' આ કટાક્ષમાં ઘણું તથ્ય છે એની ના પડાશે? સાક્ષરોનું ચિત્ત સ્હેજે વાંચેલાં કાવ્યોમાંથી ઉપમા ઉત્પ્રેક્ષા શોધવા તરફ ખેંચાશે, જ્યારે આ ખેડુતના નાયકને ખેતરો અને ગામડાંઓમાંથી જ ઉપમાઓ મળી રહે છે. છતાં ઘણી વાર એમનાં દૃષ્ટાન્તો અને ઉપમાઓ સાક્ષરોનું સ્મરણ કરાવે છે એ પણ જોવા જેવું છે. એક જ દાખલો આપું. હરિપુરાના ભાષણમાંથી આ ઉતારૂં છું:

"દૂધ પાણી ભળ્યાં એટલે બેઉ એકરંગ થાય છે ને કદિ છૂટાં નથી પડતાં. દૂધ ઉકળે છે ત્યારે પાણી દૂધને બચાવવા નીચે જઈ પોતે પહેલું બળે છે, અને દૂધને ઉપર કાઢી તેનો બચાવ કરે છે. એટલે તરત દૂધ પાણીનો બચાવ કરવા પોતે ઉભરાઇ આગમાં પડીને આગને હોલવવા મથે છે; એ જ પ્રમાણે આજે ખેડુત શાહુકાર એક થજો, એક બીજાની વ્હારે ધાજો, તેમાં કોઈ ફાચર ન મારી શકે એ સંભાળજો."

મેં વલ્લભભાઇને પૂછ્યું: 'તમે કદિ ભર્તૃહરિ વાંચ્યો છે?' તેમને એ મશ્કરી લાગી. વલ્લભભાઇ બિચારા ક્યાં ભર્તૃહરિ વાંચવા ગયા હોય! પણ મેં તો સ્હેજે પૂછેલું, કારણ ઉપરનું દૃષ્ટાન્ત તો ભર્તૃહરિએ વાપરેલું છે:

क्षीरेणात्मगतोदकायहि गुणा दत्ता : पुरातेखिला
क्षीरे तापमवेक्ष्य तेन पयसा स्वात्मा कृशानौ हुतः ।
गंतुं पावक मुन्मन स्तदभवद् दृष्टवातु मित्रापदं
युक्तं तेन जलेन शाम्यति सतां मैत्री पुनस्त्वीदृशी ॥

ભર્તૃહરિના શ્લોકમાં જે શિષ્ટતા છે તે ઉપરના ઉતારામાં નથી, પણ જે ખેડુતો આગળ એ ઉદ્ગાર નીકળ્યા હતા તેઓ આ શ્લોક વધારે સમજત કે પેલા સોંસરા પહોંચી જનારા ઉદ્ગારો?

એક વધારે દાખલો આપું. વેદાન્તીઓને સાપની કાંચળી ઉતારવાનું દૃષ્ટાન્ત પરિચિત છે, સહજ સુંદર મરણને સાપની કાંચળી ઉતારવાની ઉપમા આપવામાં આવે છે, પણ વલ્લભભાઇને સાપની કાંચળીની ઉપમા જુદી જ વસ્તુ માટે સૂઝી ગઇ. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ આગળ પેલે દિવસે બોલતાં તેમણે તેમને એકાદ કલાક સુધી હસાવી હસાવીને ગાંડા કર્યા. એ દરમિયાન તેમને હોઠે અનાયાસે સાપની કાંચળાનું દૃષ્ટાન્ત હોઠે ચઢ્યું. 'સાપને કાંઇ કાચળી ઉતારતાં મહેનત પડે છે કે દુ:ખ થાય છે? એમ આપણે પણ આ રાજ્યની કાંચળી એક દિવસ વિના કષ્ટે ઉતારી નાંખશું.'

આ પ્રકરણને અંતે એક પ્રસંગ યાદ આવે છે. કેટલીક વાર અનાયાસે બનતી ઘટનામા ભારે વિનોદ રહેલો હોય છે.

વીર વલ્લભભાઇ

અમદાવાદમાં જે દિવસે વીર સરદારનું સ્વાગત થયું તે દિવસે તેમને ફૂલોના પહાડ નીચે દબાવી દેનારા ઘણા હતા, થોડા સૂતરની ભેટ ધરનારા પણ હતા, પણ એક ચોપડી વેચનારે વલ્લભભાઇને ચોપડીઓ આપી. એ ચોપડીઓ એણે તો બિચારે તાજી જ છપાયલી તરીકે આપી હશે, પણ તેને શી ખબર કે વલ્લભભાઇને તદ્દન અપરિચિત એવી એ બંને ભેટો હતી? એ ભેટો તે એક 'ડિક્શનરી' અને ભગવદ્‌ગીતા. ભલું થયું કે એ ભેટો કોઇ અજાણ્યા ચોપડી વેચનારે આપી. કોઈ સાક્ષરે આપી હોત તો વલ્લભભાઇ ધારત કે ઘણીવાર સાક્ષરોની મશ્કરી કરૂં છું તો આ વેળા ઠીક તેમણે દાવ વાળ્યો છે. કારણ 'ડિકશનરી' તેઓ કદિ ઉઘાડતા હશે એમ જાણ્યું નથી, અને સંસ્કૃત તો છોટાલાલ માસ્તરનો આશીર્વાદ નહિ હશે એટલે ન જ ભણી શક્યા એટલે ગીતા શેની ઉઘાડે? પણ જેમ ડિક્શનરી ઉઘાડયા વિના તેમનું કામ ચાલ્યું છે, બલ્કે ડિક્શનરીની મદદ વિનાની તેમની ભાષા એ ગુજરાતીનું ગૌરવ છે, તેમ જ ગીતા ઉઘાડયા વિના પણ તેમનું કામ ચાલ્યું છે, કારણ ગીતા ઉઘાડયા વિના ગીતાના નિષ્કામ કર્મનો મંત્ર તેમણે પાકે કરેલો છે અને એ મંત્ર તેઓ જીવ્યા છે. કોઇવાર જેલમાં જવાનું મળે તો ગીતાજી પહેલી શીખવાનો તેમનો નિશ્ચય છે એ તેમના ન્યાયની ખાતર મારે જણાવી દેવું જોઇએ.

ખાસિયતો

ગાંધીજી મહાત્મા ગાંધી શી રીતે થયા એમ ઘણા પૂછે છે, ઘણાને એવો પ્રશ્ન ગાંધીજીને પોતાને પૂછતાં સંકોચ થતો નથી, અને ગાંધીજી પણ તેવાઓને ભલમનસાઇથી જવાબ

આપે છે : ' મારી સત્યની ઉપાસના; દશ બાર વર્ષની ઉમ્મરથી મેં સત્યને સેવ્યું છે.' વલ્લભભાઇને ભાગ્યે જ કોઇની પૂછવાની હિંમત ચાલે કે તમે સરદાર વલ્લભભાઇ કેમ થયા, અને કોઇ પૂછે તો તેને વલ્લભભાઇ જવાબ પણ ન આપે. કારણ વલ્લભભાઇને વિરોધી સિવાય બીજાને બહુ જવાબ આપવાની ટેવ નથી! મૌ. શૌકતઅલીએ એકવાર કહ્યું હતું તેમ વલ્લભભાઇ બરફથી ઢંકાયલા જ્વાળામુખી છે. તેમના મનની અને તેમની યોજનાની તેમના શત્રુ મિત્ર બંનેને સ્હેજે ખબર પડતી નથી. પણ વલ્લભભાઇને બદલે ઉપરના સવાલનો જવાબ આપણે આપી શકીએ ખરા: જેમ ગાંધીજીનું સત્ય તેમના જીવનને પાને પાને ઝળકે છે તેમ વલ્લભભાઇની નિર્ભયતા, સાહસ તેમના જીવનના પ્રસંગે પ્રસંગે પ્રતીત થાય છે. આટલી વાત સ્મરણમાં રાખીએ તો ગાંધીજી અને વલ્લભભાઇના સ્વભાવના ભેદ અને સામ્ય સ્હેજે સમજાશે. અને એ શિક્ષક અને શિષ્યના સ્વભાવની તુલનામાંથી વલ્લભભાઇના સ્વભાવની ઉપર પણ પ્રકાશ પડશે.

સત્યની અખંડ ઉપાસના કરનારની આત્મકથા સૂર્યની જેમ સામાની આંખને આંજી નાંખે એવી રીતે પ્રકાશે છે. નિર્ભયતા જેના રોમેરોમમાં વ્યાપેલી છે એવા યોદ્ધા—બરફથી ઢાંકેલા જ્વાળામુખી—વલ્લભભાઇની પાસે આત્મકથા લખાવવી મુશ્કેલ પડે. આ કથનમાં વિરોધ છે, પણ તે દેખીતો જ વિરોધ છે, વલ્લભભાઇને આત્મકથા કહેતાં જરાય સંકોચ થાય એમ નથી, પણ સત્યના ઉપાસક ગાંધીજીને પોતાનું અંતર ઉલટા સુલટી કરી ઉઘાડું મૂકવાનું કર્તવ્ય લાગે છે અને રસ ચડે છે તેમ પેલા નિર્ભય સુભટને નથી થતું. એવો સંભવ છે કે વલ્લભ-ભાઇના મનોવિકાસ અને આત્મવિકાસનાં પગથિયાં શોધવા

જાઇએ તો તેમાં આપણે કદાચ ન ફાવીએ. એમનાં સંયમ અને તપશ્ચર્યા પ્રયત્નસિદ્ધ નથી લાગતાં, અને તે આદર્શો જગત્ આગળ મૂકવાની લગની કે અધીરાઇ તેમને નથી લાગેલી. ગાંધીજીની આત્મકથામાં કે મગનલાલભાઈ જેવા સાધકના જીવનમાં ક્ષણે ક્ષણે વધવાનો પ્રયત્ન, ક્ષણે ક્ષણે શરીરને મારી આત્માને વિકસાવવાનો પ્રયત્ન જોઇએ છીએ તે વલ્લભભાઇમાં નથી જોવામાં આવતો, કારણ એમને તેવાં વિઘ્નો નડયાં નથી, નડયાં હશે ત્યારે તેની દરકારે કરી નથી લાગતી. ટૂંકામાં, વલ્લભભાઈ મહા યોદ્ધા છે, સુધારકે નથી, સાધકે નથી.

ગાંધીજી જેવા ક્રાંતિકર સુધારકો સ્વભાવે જ શિક્ષક હોય છે, કાકા સાહેબ અને મગનલાલભાઈ જેવા ઉગ્ર સાધકો પણ સ્વભાવે જ શિક્ષક હોય છે. શિક્ષકમાં આસપાસના વાતાવરણને પોતામય બનાવવાની વૃત્તિ રહે છે, એટલે શિક્ષકમાં સતત જાગૃતિ, સતત પ્રયત્ન, નિઃસીમ આત્મશુદ્ધિની સદા આવશ્યકતા રહે છે. સાથે સાથે તેમણે અધીરાઇથી બચી જવાનું તો રહે છે જ, અને વિરલ શિક્ષકો જ એમાંથી બચી શકયા છે. સામાનો વિકાસ કરવા જતાં સામાના વ્યક્તિત્વનો હ્રાસ કરવાના, એટલે તેને પરાધીન કરી મૂકવાના ભયમાંથી પણ શિક્ષકને બચવાનું રહે છે. વલ્લભભાઈ શિક્ષક નથી, એટલે શિક્ષકને સ્વાભાવિક રીતે નડનારાં આ બે વિઘ્નો એમને નથી નડયાં. વલ્લભભાઈને બાળપણમાં એવા શિક્ષક મળેલા કે જે ગાળ દઇને કહેતા: 'મને શું પૂછો છો? માંય માંય ભણો.' એટલે શિક્ષક જાતની સામે તેમને સ્હેજે અણગમો થયેલો. પણ જેણે બાળપણમાં શિષ્ય નહિ થઇ જાણ્યું તેમણે મોટપણમાં શિષ્ય થઇ જાણ્યું અને તેમ કરીને તેમણે પોતાના જીંદગીના એક જ

શિક્ષકને શોભાવ્યા. ગાંધીજી જેવા શિક્ષકના શિષ્ય થઈ જે વ્યક્તિત્વ ગુમાવી બેસે તે પોતાને અને ગાંધીજીને બંનેને લજવે, વલ્લભભાઇએ પોતાનું વ્યક્તિત્વ કાયમ રાખી પોતાને અને પોતાના શિક્ષક ગાંધીજીને શોભાવ્યા.

આદર્શ શિક્ષકને સદા પોતાના વર્તનનું અનુકરણ થવાનો ભય પણ રહે છે એટલે તેનું એક એક પગલું વિચારથી ભરાય છે. એક નાનકડી વસ્તુ લઇએ. સમયને જીવની જેમ સાચવતા અને સમયના વ્યયને પાપ સમો માનતા ગાંધીજી અને કેટલીક વાર કલાકના કલાક વાતોમાં ગાળતા વલ્લભભાઈમાં આસમાન જમીનનો ભેદ દેખાય છે. એ વાતોમાંથી વલ્લભભાઈ પોતાને જોઇતું મેળવી લે છે, આંટા મારતા હોય ત્યારે કદાચ તે પોતાની લડતના વ્યૂહો રચતા હશે. ઉલટી રીતે જોઇએ તો આદર્શ શિક્ષકને આપોઆપ નિઃસીમ અહિંસા કેળવવી પડે છે, તેનામાં જો અપાર અહિંસા ન હોય તો તેનું અનુકરણ ડરથી થવાનો સંભવ રહે છે, ડરીને તેની પાસેથી ભાગી જનારા પણ નીકળશે. ગાંધીજીની અપાર અહિંસા છતાં તેમની આસપાસના કેવળ ભયમુક્ત છે એમ ન કહી શકાય. વલ્લભભાઇને પોતાના અનુકરણનો ડર નથી, તેમને કેવળ સિપાઇગિરી જોઇએ છે, અને સિપાઇગિરી આપનારાને તેમની ધ્વજા નીચે રહીને લડવામાં ભોના વર્ડ દળવાપણું નથી લાગતું. ગાંધીજીને પોતાનું અનુકરણ થશે એવો ભય ભલે રાખવો પડતો હોય, તેમનું અનુકરણ કરી શકનારને કદિ ભય નથી. વલ્લભભાઈને જોઈને ગપ્પામાં સમય વીતાડનાર કે આંટા માર્યા કરનાર, કે વલ્લભભાઈ 'ડિકશનરી' કે ગીતા ન વાપરે માટે તે બંને વિના ચલાવી લેવાનો વિચાર કરનાર મુઓ જ પડે. પણ એ પ્રકારના અનુકરણનો વલ્લભભાઈને ભય પણ નથી.

વીર વલ્લભભાઇ

ગાંધીજી આશ્રમ કાઢીને બેઠા, અને આશ્રમમાં સત્ય જાળવવાને અર્થે કોઇ દિવસ અનશન લેવું પડે તો લઈ લે. વલ્લભભાઇને આશ્રમ કાઢીને બેસતા હું કલ્પી નથી શકતો, કે કોઈવાર કોઇના પાપના પ્રાયશ્ચિત્ત તરીકે અથવા કોઈના પાપની જવાબદારી પોતા ઉપર લઇને ઉપવાસ કરતા કલ્પી નથી શકતો. પોતાના હાથ નીચેનો સીપાઈ રદ્દી લાગે તો તેને રજા આપી તેનો કાંટો કાઢી નાંખી તેઓ નિરાંતે બેસશે, પણ તેના ઉપર અશ્રૂ સારી ઉપવાસ ન કરે. એ જ પ્રમાણે કૂતરાં કે વાંદરાં મારવાની મીમાંસામાં, અથવા આહારની સાત્ત્વિક અસાત્ત્વિકતાની મીમાંસામાં પડતા વલ્લભભાઇને કલ્પવા મુશ્કેલ છે. પણ સત્યશોધકે, સુધારકે અને સમાજના શિક્ષકે આ બધી ઉપાધિ ઉપાડ્યે જ છુટકો છે એ વાત વલ્લભભાઇ પૂરેપૂરી રીતે માને છે.

સત્ય અને અહિંસાની અખંડોપાસના કરનાર ગાંધીજી બાળક કે મૂરખની પાસે સત્ય અને અહિંસા શીખવાને તત્પર રહે છે, શત્રુની પાસે પણ તે શીખવાને તત્પર રહે છે. અભયમંત્ર લઈને ઝુઝનાર વલ્લભભાઇ બાળક કે મૂરખને તે હોય તેના કરતાં વધારે અને શત્રુને શત્રુ કરતાં વધારે ગણવાના પ્રપંચમાં નહિ પડે. આને બીજી રીતે મૂકીએ તો યોદ્ધાની મર્યાદાથી વલ્લભભાઇ મુક્ત નથી. સત્યના ઉપાસક ગાંધીજી દરેક દિશાથી આવતી ટીકા વધાવી લે, બલ્કે પ્રશંસાના કરતાં ટીકાની જ વધારે દરકાર રાખે; જ્યારે વીર વલ્લભ-ભાઇ બહુ ટીકા સાંખી શકે છે, અથવા વધાવી લે છે એમ કહેવું મુશ્કેલ છે.

‘ હું એકવાર સાધુ થવાનો હતો ’ એમ વલ્લભભાઈ એક-

વાર મને કહેતા હતા. તેઓ સાચા સાધુ થઇ શકત એમાં તો મને શંકા નથી જ, બલ્કે તેઓ જાણી જોઇને, ઘણા સાધુઓના પાખંડ જોઇને, સાધુ થતા અટક્યા હશે. પણ સાધુ થાત તો યે તે કોઈ અવધૂત હોત, સંસારની સાથે સરસા રહીને સંસારના ઉપદેશક કદાચ ન બનત. વીર યોદ્ધા છે એટલે વીરોચિત ક્ષમા તેમનામાં ભરેલી છે, પણ સત્યાગ્રહીની શૂન્યતાના આદર્શથી તેઓ દૂર છે. ગાંધીજીના જીવનનાં મૂળમાં ધર્મના અખંડ ઝરાએ પોષણ આપ્યું છે, વલ્લભભાઇના જીવનમાં એ ઝરો હતો તે પાછળથી સુકાઇ ગયો, હવે વળી સજીવન થવા બેઠો છે; પણ ગાંધીજીનો શુદ્ધ સત્યાગ્રહ તેમની પાસે 'નિર્બલ કે બલરામ'માં જ શાંતિ મેળવાવે છે, જ્યારે વલ્લભભાઇની શૂર સરદારીને 'શૂર સંગ્રામકો દેખ ભાગે નહીં' એટલી ભાવના શાંતિ આપવાને બસ છે.

આધ્યાત્મિકની વાતમાંથી ઉતરીને વ્યવહાર ઉપર ઉતરીએ તો ગાંધીજીની તીવ્ર સત્યોપાસના તેમને સ્વાભાવિક રીતે આદર્શ ન્યાયદર્શક બનાવે છે, જ્યારે વીર વલ્લભભાઇ 'ઍડવોકેટ' હતા અને છેવટ સુધી 'ઍડવોકેટ' જ રહેશે. સ્વરાજ પક્ષના અનેક નેતાઓ ગાંધીજીની તટસ્થ દૃષ્ટિનો લાભ લઇને તેમને ટાણે કટાણે સલાહ માટે બોલાવે છે. વલ્લભભાઇને એવી રીતે આણું આવવાનો ભય નથી.

આશ્રમમાં બોલતાં તેમણે કહેલું: 'મને લડતાં આવડે છે, લડતાં લડતાં ગમે તે ગૂંચ નડે છે તે સપાટાબંધ હું ઉકેલ્યે જાઉં છું, એની સૂઝ મને ક્યાંથી પડે છે તેની મને ખબર નથી; પણ સમાધાનીની વાટાઘાટોમાં મને ગમ નથી પડતી. ઘણી વાર મુંઝાઇ જાઉં છું.' આ વચનો હિંદુસ્તાનના કમાન્ડર–

ઈન–ચીફ સર ચાર્લ્સ મનરો ૧૯૧૭ માં યુદ્ધ પરિષદમાં એક વાર વાઇસરોયના સ્થાને પ્રમુખપદ લઇને બેઠા હતા તે વેળાનાં તેમનાં વચન યાદ કરાવે છે : ' હું તો સિપાઇ છું. મને કાયદા કાનૂનની ગૂંચમાં ખબર ન પડે, એ સર વિલિયમ વિન્સેન્ટનું કામ. '

વલ્લભભાઇના જેવા વીર યોદ્ધા આજે હિંદુસ્થાનમાં વિરલ છે, એક કાર્યની લગની લઈ તે કાર્યને માટે દેહ પાડવાની તેમની તૈયારી છે. કાર્ય ઉપાડયા પછી તેઓ દિવસ રાત જોતા નથી, એકાગ્રતા ગાંધીજીને સુલભ છે તે એકાગ્રતા હજી તેમણે જે મેળવવાની રહી છે. એક લેખક કહે છે: ' જે માણસ હજારોની મેદનીમાં લાઠી લઇને ઝૂઝતો છતાં સોયના નાકામાં દોરો પરોવી શકે છે તે માણસ વિરલ છે; વાદવિવાદની ઝડીમાં સત્યને શોધી કાઢવાનું એવી રીતે સોયના નાકામાં દોરો પરોવવા જેવું મુશ્કેલ છે. ' વલ્લભભાઇ કદાચ એ દોરો પરોવવાની જ ના પાડે, કારણ તેમને પોતાની મર્યાદાની ખબર છે, અને ગાંધીજીની સાચી સિપાઇગિરી સેવી તેઓ સરદાર બન્યા છે એટલે સત્ય શોધવાનું તેમને રહ્યું યે નથી, ગાંધીજીએ શોધેલું સત્ય તેમણે સ્વીકાર્યું છે. હા, ગાંધીજીની અતૂલ એકાગ્રતાએ ગાંધીજીને ' ગુડાકેશ ' બનાવ્યા છે, હજારો માણસની મેદનીમાં કે ત્રીજા વર્ગના ડબામાં બેસીને તેઓ લેખ લખી શકે છે, અને ગમે તેવી ગરદીમાં તેઓ ઉંઘી શકે છે, પાંચ મિનિટ પણ કામ દરમિયાન મળી જાય તો તેઓ ઉંઘ અને આરામ મેળવી શકે છે, વલ્લભભાઇને આ કળા લાધેલી નથી. નેપોલિયનને એ વસ્તુ સુલભ હતી. વલ્લભભાઇએ એ મેળવવી રહી છે.

વીર વલ્લભભાઇ

'મારી નસેનસમાં ખેડુનું લોહી વહે છે' એમ વલ્લભભાઇ વારંવાર કહે છે. ગાંધીજી પણ પોતાને ખેડુ તરીકે ઓળખાવે છે. પણ વલ્લભભાઈનો ખેડુ તરીકેનો દાવો કદાચ આપણે વહેલો સ્વીકારી શકીએ. ગાંધીજીનું અંતર ખેડુનું છે, મજૂરનું છે, ભંગીનું છે, પણ તેમનું હાડ ખેડુ ઇત્યાદિનું છે એમ કબૂલ કરવું મુશ્કેલ પડે. વલ્લભભાઈનું તો અંતર તેમ જ હાડ બંને ખેડુનાં છે. વલ્લભભાઇને ખેડુની મિજલસમાં બેસી હુક્કો લેતા, તેમના મીઠા મરચાવાળો ખોરાક ખાતા, તેમની સાથે ખેડુની મજાક મશ્કરીમાં ભાગ લેતા સ્હેજે કલ્પી શકીએ છીએ; પણ ગાંધીજીને એવી રીતે નથી કલ્પી શકાતા. ગાંધીજીના પગ જમીન ઉપર ભલે હોય, તેઓ પ્રાયઃ આકાશમાં ઊડતા જણાય છે. વલ્લભભાઇનું અંતર ભલે આકાશમાં ઊડતું હોય, પૃથ્વી ઉપર તેઓ છે એવું ભાન તેઓ વધારે કરાવે છે. ગાંધીજીની સાધનાએ, તેમની ઇચ્છા કે અનિચ્છાએ, તેમને જગતના શિક્ષક બનાવ્યા છે, વલ્લભભાઇને ખેડુ વર્ગના યોદ્ધાનું પદ સ્હેજે લાધ્યું છે. એટલે જ્યારે ગાંધીજીનો વિશ્વસંદેશ કેટલો ઝીલાયો કે ન ઝીલાયો તેનું માપ કાઢતાં કદાચ ઘણો સમય જશે, ત્યારે વલ્લભભાઇનું પરિમિત કાર્ય તેમને પોતાના જીવનમાં જ સફળ થયેલું જોવાનો યોગ મળે તો નવાઇ નહિ. વલ્લભભાઇની મર્યાદાઓ જ તેમનું બળ થઇ પડી છે, તેમણે તેમનું ક્ષેત્ર બાંધી લીધું છે અને તેટલાથી તેમને સંતોષ છે. 'ઉત્તરમાં જવું કે દક્ષિણમાં' એટલું તેમણે ગાંધીજી પાસે જાણી લીધું છે, દિશા જાણીને અનેક રસ્તા શોધવાની શક્તિ તેઓ ધરાવે છે. બારડોલીમાં એકવાર એક ચર્ચા દરમ્યાન ગાંધીજીએ કહ્યું: 'બારડોલીએ વ્યાવહારિક અહિંસા સાધી.' ચર્ચા કરનાર

ભાઇએ પૂછ્યું: 'પણ સરદારે આધ્યાત્મિક અહિંસા કેમ બારડોલી આગળ ન મૂકી?' ગાંધીજીએ કહ્યું: 'કારણ સરદાર વ્યવહાર કુશળ છે.' વલ્લભભાઇએ હસતાં અને હસાવતાં કહ્યું: 'મને એ આવડતી હોય તો ને!' ગાંધીજી અને વલ્લભભાઈ બંનેના જવાબમાં સત્ય છે. વ્યાવહારિક સાધીને પછી આધ્યાત્મિક સાધવી એટલું નક્કી કરીને વલ્લભભાઈ બેસી ગયા હોય તો પણ શું? તેમની તો 'એક પગલું બસ થાય' એ વૃત્તિ છે. પરિણામે એવું બને કે 'ગાંધીજીનું ચેતનમય સ્વરાજ' ગાંધીજી પોતાની હયાતીમાં કદાચ ન જોઈ શકે, અને વલ્લભભાઈ ગાંધીજીના સિદ્ધાન્તોનો વ્યાવહારિક અમલ પણ વ્યાપક પ્રમાણમાં કરાવીને 'કાયદાસર સ્વરાજ' પોતાની જ હયાતીમાં જોઈ શકે.

આદર્શ શિક્ષકમાં માતા અને પિતાના ગુણો હોય છે, અથવા સાચો શિક્ષક માતા અને પિતા બંને છે, એટલે ગાંધીજી જેવા શિક્ષકનેતાની આગળ અનેક બાળકો અને અનુયાયીઓ પોતાનાં હૈયાં ઠાલવી શકે છે, હૃદયની હૂંફ મેળવી શકે છે. વલ્લભભાઈ પાસે એ કદાચ ન મળી શકે. તેમનાં પોતાનાં બાળકોએ પણ એ પ્રકારની હૂંફ કે આશ્વાસન કદાચ ન મેળવ્યું હોય. એ બાળકોએ સ્વતંત્રતા તો પાર વિનાની મેળવી છે, અને એટલી સ્વતંત્રતા આપનાર પિતાના મૌનમાં જ તેમણે પ્રેમ મેળવી લીધો છે. આપબળે જ બનેલા વલ્લભભાઇએ પોતાનાં બાળકો ઉપર આપબળે જ બનવાનો ભાર નાંખ્યો છે. આ ભાર, દબાવી દેનાર પણ બને, શક્તિ ખીલવનાર પણ બને. વલ્લભભાઇનાં બાળકોને એ ભાર અસહ્ય નથી લાગ્યો.

આમ અનાયાસે જ તેમના ગૃહજીવન ઉપર ઉતરી પડાયું.

ગૃહજીવન જેવું તેમને બહુ રહેતું નથી, કારણ લોકજીવન જ તેમનું ગૃહજીવન થઇ પડ્યું છે. તેમણે અસહકાર વખતે ઘર બાળેલું એમ કહેવા કરતાં વિલાયત ગયા ત્યારના જ ઘર બાળીને ગયેલા એમ કહીએ તો ચાલે. ભર જુવાનીમાં તેઓ વિલાયત ગયેલા તે અગાઉ જ તેમનાં પત્ની ગુજરી ગયેલાં. ત્યાર પછી તેમણે ગૃહિણીથી બનેલું ઘર ફરી રચવાનો પાછો પ્રયત્ન ન કર્યો—બે બાળકોમાં જ ઘર માની લીધું. ઘરબાર અને જમીન બે મોટાભાઇઓને સોંપીને નીકળેલા ત્યારપછી ભાગ્યે જ ઘેર ગયા હશે. ગયે વર્ષે પાંચે ભાઇઓ (વિઠ્ઠલભાઇ સુદ્ધાં) પરિવાર સમેત એક મહિનો નડિયાદમાં સાથે રહ્યા હતા, ત્યારે દીકરાઓએ અને જનનીએ ઘણે વર્ષે પાછો ગૃહજીવનનો લહાવો લીધો. વિઠ્ઠલભાઇથી પણ મોટી ઉમ્મરના બે ભાઇ, વિઠ્ઠલભાઇ, અને વલ્લભભાઇ, એમ પાંચ પુત્રોથી વીંટળાયલાં વૃદ્ધ માતુશ્રી-નો એક ફોટોગ્રાફ વિઠ્ઠલભાઇના સાદા, ફર્નિચર વિનાના ઓરડામાં, એ અખંડ કુટુંબનું સુખ વ્યક્ત કરતો લટકી રહ્યો છે.

પણ વલ્લભભાઇ શિક્ષક ન હોય કે શિક્ષકપિતા ન હોય, પણ મિત્ર છે. અને તે પણ સરખા સરખાના જ નહિ પણ તેમનાથી નાનાના પણ. બારડોલીના ખેડુતો પણ તેમની સાથે મિત્રતા અનુભવતા હશે. તેમનો સ્વભાવ ભલે મળતાવડો ન લાગે, પણ એકવાર તેમને ઓળખ્યા પછી તેમના જેવા મળતાવડા ભાગ્યે જ બીજા કોઇ લાગશે. તેમનાથી વિચારોમાં છેક ભિન્ન એવા મિત્રો પણ તેમના ઘણા છે, પણ તેઓ અજાતશત્રુ નથી. આનાં ઘણાં કારણ હોય, તેમની આકરી જીભ હોય, અથવા તેમનું ઓછાબોલાપણું પણ હોય. એક-વાર પડેલી છાપથી તણાવાની નબળાઈ તેમનામાં હશે, પણ



વિઠ્ઠલભાઈ સોમાભાઈ કાશીબાઈ માતુશ્રી નરસિંહભાઈ વલ્લભભાઈ

તેમની સાથે નિખાલસતાથી વર્તનાર એવી છાપ સ્હેજે ભૂંસી નાંખી તેમને જીતી શકે છે. પણ આરંભમાં જ કહી ગયો તેમ પોતે છે તેના કરતાં અવળી છાપ તેઓ ઘણી વાર ઘણાના ઉપર પાડે છે. આમાં હાનિ કરતાં લાભ વિશેષ છે, કારણ ઘણીવાર આપણે હોઇએ તેના કરતાં આપણને વધારે સારા માનનારા આપણને પછાડે છે, જ્યારે આપણે હોઇએ તેનાં કરતાં આપણને ઊણા માનનારા આપણને સરખા રાખે છે, સાવધ કરે છે અને આપણા ચોકીદાર થઇ પડે છે.

દરેક પ્રકારના વ્યવહારમાં વલ્લભભાઈની ઉદારતા આશ્ચર્ય પમાડે એવી છે. વિરોધીના તરફ તો ઉદાર છે જ, પણ શત્રુવટ કરી બેઠેલા તરફ પણ તેમની ઉદારતા છે. પોતાની સાથે અને હાથ નીચે કામ કરનારા ઉપર, ગાંધીજીની જેમ, તેઓ અપાર વિશ્વાસ રાખે છે, અને એથી તેમને કદી છેતરાવું નથી પડ્યું. પ્રલય નિવારણના ભગીરથ કામમાં અને બારડોલીમાં તેમની ઉદારતા અને વિશ્વાસનો અનુભવ ઘણા સાથીઓએ મેળવ્યો છે.

સુખી જીવન ઘણા દિવસ ગાળેલું છતાં અગવડ સહન કરવાની શક્તિમાં કદાચ તેઓ ઘણા લોકનેતાઓને ચઢી જાય. તેમનાં શોખોમાં માત્ર ચ્હાનો પ્યાલો અને એક સિગરેટ, અને અમદાવાદ આવે ત્યારે બે ચાર દિલોજાન દોસ્તોની સાથે બેઠક અને ગમ્મતગપ્પાં. ચ્હા અને સિગરેટ ન મળે તો પણ પરવા નહિ. સિગરેટ પણ દિવસમાં એક કે બે પીવાના તે તદ્દન ખાનગી રીતે—જાણે તેને એબ તરીકે સ્વીકારતા હોય. ખાવાનું જાડું પાતળું ગમે તેવું મળે, સૂવાનું ગમે ત્યાં ગમે ત્યારે મળે તેની પરવા નહિ. બારડોલીની લડત પૂરી થયે

તેઓ બારડોલીમાં જ બેસીને સામાન્ય ખેડૂતનું જીવન ગાળવાના એવો તેઓ ખેડુતોને કોલ આપી ચૂક્યા છે.

પણ તેમને સૌથી વધારેમાં વધારે ઉપયોગી થઇ પડી હોય એવી ખાસિયત તેમની વિનોદવૃત્તિ છે. આખી બારડોલીની લડત દરમ્યાન ભારે સંકટો સહન કરતાં કરતાં પણ લોકોને તેમણે પોતાની મજાકો અને કટાક્ષોથી હસતા જ રાખ્યા. છેલ્લું અમદાવાદનું જ ભાષણ લોની. જેમ એમાં કરુણારસ એમણે ભરી દીધો છે તેમ હાસ્યરસની પણ મણા નથી રાખી. સાક્ષરો તો એમને સાંભળવા આવતા નથી, પણ આવે તો તેઓ હાસ્ય અને કરુણાનું મિશ્રણ કરવાની કઠણ કળા વલ્લભભાઇ પાસે શીખી શકે. આની સરસમાં સરસ સાક્ષી તો મહાવિદ્યાલયના જે વિદ્યાર્થીઓને એમને ગઇ ૨૭ મી તારીખે સાંભળવાનું મળ્યું હશે તે આપી શકે. ભરપૂર વિનોદ દ્વારા ભરપૂર બોધ આપવાની કળાનો તે દિવસે શિક્ષકોને પણ પદાર્થપાઠ મળ્યો હશે.

એમના વિનોદોમાંથી કોઇવાર બાળી નાંખનારા તણખા ઊડે છે, તો કોકવાર ઘડીભર તાજગી આપનારી ઝીણી ફરફર ઊડે છેઃ "એનો કર્મયોગ જાગ્યો, અને મામલતને માટે નાલાયક ગણાયા;" "મેં કહ્યું, આપણે છીંકો પણ ન ખાવી, છીંક ખાઇએ તો અપશુકન થાય;" "કલેક્ટરે હુકમ કાઢ્યો કે અંગ્રેજોની તોપો તમારા નગારાનાં અવાજથી ભડકે છે, માટે નગારાં ન વગાડો;" "ભેંસોની ચામડી સફેદ મડમો જેવી થઇ ગઈ હતી;" "સરકારને બારડોલીના વાણિયાનું તો નિકંદન કાઢવું હતું. પોતાની જાતવાળા ખરાને!" "બારડોલીના માનપત્ર આપનારાઓએ મને કહ્યું, ભલું થયું અમારે ત્યાં એકે ગ્રેજ્યુએટ ન્હોતો."

આ તો થોડી વાનગી આપી દીધી. એક વાત એમના વિનોદને વિષે કહી દઉં. બાળપણમાં તેમનો વિનોદ હતો તેવો જ તે આજ સુધી રહ્યો છે, તે મોટો થયો નથી. ગાંધીજીનાં વિનોદ અને હાસ્ય વિશ્વવ્યાપી છે, તેમની અહિંસાનું ઉત્તમોત્તમ માપ તેમના વિનોદોમાં મળે છે. જ્યારે વલ્લભભાઇનો વિનોદ ગુજરાતવ્યાપી છે. ગાંધીજીના વિનોદથી કોઇને દુઃખ થવું અશક્યવત્ છે, જ્યારે વલ્લભભાઇનો વિનોદ ઘણાને હસાવે છે તો કોકને દુઃખ પણ આપે છે—આનું કારણ તેમણે માત્ર વ્યાવહારિક અહિંસા સાધેલી છે એ હોય. સાક્ષરો ઉપર તેમનાં કટાક્ષ ઘણીવાર ઉતરતાં સાંભળ્યાં છે, જાણે સાક્ષર જેવાં પ્રાણીની તેમને સૂગ હોય. પણ સ્વ. રમણભાઈ સિવાય કોઈ સાક્ષર તેમનું ચિત્ત ચોરી શકયા જાણ્યા નથી. ઘણીવાર સાક્ષર મનુષ્ય હોય છે એ વાત તેઓ ભૂલી જતા લાગે છે. કળાના રસિયા તેઓ નથી જ, કારણ પ્રચલિત કલા તેમને વીરતાપોષક નથી લાગતી. નવલકથા પણ તેમણે વાંચેલીનથી. “ કાલ્પનિક શું વાંચવું ? ખરૂં જોવું એ જ સારૂં નહિ ? ચોપડીઓ વાંચવા કરતા ચોપડીઓ બનાવવી એ સારી નહિ ? ” એમ ઘણીવાર એઓ કહે છે.

પણ આ વિષે વધુ વિસ્તાર કર્યાં વિના આટોપી લઉં. ગાંધીજી જ્યારે ઘણીવાર ૧૭ મી માર્ચની વાતો કરતા હતા ત્યારે કોકે એ વિષે ચર્ચા ઉપાડી ગાંધીજી પાસે ખુલાસો માગેલો. ગાંધીજી ગંભીર રીતે પોતાની મનોદશા સમજાવતા હતા. એવામાં વલ્લભભાઇ આવ્યા. તરત જ હકીકત જાણી લઇ બોલ્યાઃ ‘ અરે એમ એકલા ન જશો. મારે સારૂ જગ્યા રાખજો. પેલા ભૃગુઋષિએ આપણને બંનેને સાથે વિદાય થવાનું

કહ્યું છે.' સૌ ખડખડાટ હસી પડ્યા, અને ઠાલું ગાંભીર્ય ઉત્પન્ન થયું હતું તે ક્યાં યે ઊડી ગયું.

વલ્લભભાઈનાં વિનોદ અને હાસ્ય દોષદર્શી ફિલસુફનાં નથી, તેમાં યોદ્ધાનાં આરોગ્ય અને પ્રફુલ્લિતતા ભરેલાં છે. કોઈના અંતકાળ વિષે આગાહી કરવાની ધૃષ્ટતા થઈ શકતી હોય તો હું કહું કે જ્યારે એમની આગળ એ અંતિમ સમય આવીને ઊભો રહેશે—યમના તેડાથી કે કદરદાન સરકારના હુકમથી—ત્યારે મને તો શંકા નથી જ કે દ્વિજેન્દ્રલાલ રાયની જેમ તેઓ હસતાં હસતાં કહેશે:

મરણટાકે દેખાગેલો, શુધુ કેબલ કોલાહલો
એખનો જદિ સાહસ થાકે, મરણટાકે દેખબિ ચલો.
[જીવનને તો જોઈ લીધું, ઠાલી મફતની મારામારી,
ચાલને હવે મરણ જોઈએ, જોવાની જો હોય તૈયારી.]

વલ્લભભાઈની યશરેખા

પણ એ વાત કરતાં એક વસ્તુ યાદ આવે છે. આટ-આટલી લડત છતાં વલ્લભભાઈ કોઈ વાર જેલમાં કેમ નથી ગયા એમ ઘણા પૂછે છે. એક કાળ એવો હતો કે કેટલાક દ્વેષીઓ એમ પણ કહેતાં ન શરમાતા કે વલ્લભભાઈ જેલ જતાં ડરે છે. બોરસદે એ ભ્રમણા ભૂલાવી. પણ બોરસદે પણ તેમને જેલમાં ન મોકલ્યા, નાગપુરે ન મોકલ્યા અને બારડોલીએ પણ તેમને જેલમાં નહિ મોકલ્યા! એનું શું થાય? ઘણી વાર વલ્લભભાઈ કહે છે: 'મારી રેખામાં જ જેલ નથી તેનું શું થાય?' બારડોલીના લોકોને તેમણે કહેલું: 'મને પકડીને શું કરે? મારા કંઈ પૈસા ઊપજે? ભેંસ પકડે તેના તો હરરાજીમાં પૈસા આવે!' પણ વલ્લભભાઈ નથી પકડાતા તો હવે પોતાને વાંકે

નથી પકડાતા એવા વહેમનું કારણ તેમણે તેમના શત્રુઓને પણ રહેવા નથી દીધું.

પણ તેમની રેખામાં યશ સિવાય બીજું કશું ન હોય તો નવાઇ નહિ, અથવા તો જેલ જવાનો યશ જ ન હોય તો નવાઇ નહિ. ગયા મહા વિગ્રહમાં જર્મનોની સામે જીતનાર લૉર્ડ ફ્રેંચ વિષે કહેવાય છે કે અનેક લડાઇઓમાં મોખરે લડતા છતાં તેને એકે ગોળી જ વાગી નહિ. એમ વલ્લભભાઇને એકે ગોળી ન વાગે તેમાં તેઓ શું કરે? બાકી જેલને તો શું પણ ગોળીને પણ તેઓ કેવી રીતે ઝીલે તે હું કહી ગયો.

જ્યારે જ્યારે વલ્લભભાઇને કલાકના કલાક સુધી એમની મેઠી ઉપર આંટા મારતાં મેં જોયા છે ત્યારે ત્યારે મને નીચેની શ્રુતિ યાદ આવી છે:

> आस्ते भग आसीनस्योर्ध्व स्तिष्ठति तिष्ठतः
>
> शेते निपद्यमानस्य चराति चरतो भगः
>
> चरैवेति चरैवेति ॥

[બેઠેલાનું નસીબ બેસે છે, ઊભેલાનું ઊભું રહે છે; સૂતેલાનું સૂવે છે, ચાલનારાનું ચાલે છે. ચાલવા જ માંડ, ચાલવા જ માંડ.]

એ મંત્ર વલ્લભભાઇએ તો કોઈ વાર સાંભળ્યો ન હોય પણ એના અક્ષર અને આત્માનું એઓ નિરંતર પાલન કરે છે. એમ ન બને કે દેશના નસીબને પણ બેસી રહેલું અને સૂઇ રહેલું કે ઊભું રહેલું રાખવાને બદલે ચાલતું કરી મૂકવાનો યશ પણ તેમની રેખામાં લખાયલો હોય? ગાંધીજી તો એ

આશીર્વાદ ૧૨ મી ઑગસ્ટે બારડોલીમાં તેમને આપી ચૂક્યા. કાળની ગતિ ન્યારી છે. ૧૨ મી ફેબ્રુઆરી ૧૯૨૨ને દિવસે મહાસમિતિની કાર્યવાહક સભાએ બારડોલીનો ઠરાવ કર્યો. એ ઠરાવના ઔચિત્ય વિષે ભાગ્યે જ હવે ઘણાને શંકા હશે. એ પછી બરોબર ૭ વર્ષે ૧૨ મી ફેબ્રુઆરી ૧૯૨૮ને દિવસે બારડોલીમાં જ વલ્લભભાઈએ સત્યાગ્રહધ્વજ રોપ્યો. ગાંધીજીને ૭ વર્ષની કેદ થઇ હતી. ૭ વર્ષ પહેલાં તેમને નીકળવું ન્હોતું, અને સ્વરાજની અવધિ તેમણે જેલમાંથી નીકળવા ઉપર બાંધી હતી. તેઓ છુટયા ત્યારે તો જેલમાં પાછા પ્રવેશ કરવા જેવું હતું. પણ આ વર્ષની ૧૨ મી ફેબ્રુઆરી ૧૯૨૮ ને દિને થયેલી ઘટનામાં ઇતિહાસનું નવું પ્રકરણ છુપાયલું હોય તો કોણ જાણે ?

ગૂજરાતનું પ્રગતિશીલ માસિક

પ્રસ્થાન

સાહિત્ય, ધર્મ ને લોકજીવનની ચર્ચા કરતું, ચાલુ રાજકારણના પ્રશ્નો ઉપર રાષ્ટ્રીય દૃષ્ટિથી સમાલોચના કરતું, ટુંકામાં, હિંદુસ્તાનના અને ગૂજરાતના વિવિધ ચાલુ પ્રશ્નો ઉપર ચોક્કસ અને સરલ શૈલીમાં સર્વ જનના ઉપયોગમાં આવે એવું સાહિત્ય પ્રકટ કરતું

:: માસિક પત્ર ::

લવાજમ

વાર્ષિક રૂ. ૫-૦-૦

પરદેશના રૂ. ૬-૮-૦

પ્રસ્થાન કાર્યાલય

અમદાવાદ

'પ્રસ્થાન'નો સત્કાર

'પ્રસ્થાન' વિષે મારો ઊંચો મત છે. 'પ્રસ્થાન' એક ઉચ્ચ કોટિનું માસિક છે અને તે વાચકવર્ગના આદરને પાત્ર છે.

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

'પ્રસ્થાને' અત્યાર સુધીમાં ગુજરાતી ભાષાની સુંદર સેવા કરી છે. અને હવે તો શ્રી. રામનારાયણભાઇ અનન્ય નિષ્ઠાથી એને ખીલવવાના છે એટલે 'પ્રસ્થાન' પાસેથી જાહેર સેવાની ઘણી આશા રખાય. શ્રી. રામનારાયણભાઇના સંસ્કારી અધ્યયનનો નીચોડ 'પ્રસ્થાન' મારફતે પ્રજાને મળવાનો છે. એને વધાવી લેવામાં પ્રજા પોતાનો સ્વાર્થ જ સાધશે.

કાકા કાલેલકર

વર્તમાન ગુજરાતમાં 'પ્રસ્થાન' નું સ્થાન મ્હને અનોખું જ લાગે છે: અને નૂતન ગુજરાતને વિદ્વત્તા, રસિકતા, દેશભક્તિ તેમ જ વિશાળ દૃષ્ટિ: એ સર્વનું આસ્વાદન કરાવનાર આવું બીજું ગુજરાતી પત્ર મ્હારા જાણવામાં અત્યારે નથી.

પ્રો. કાન્તિલાલ છ. પંડ્યા

ગંભીર, સર્વદેશી અને વિશાળ અનુભવથી રંગાયેલું વાચન જો કોઈ પણ માસિક પૂરૂં પાડતું હોય તો તે 'પ્રસ્થાન.'

સાહિત્ય

'પ્રસ્થાન' ગુજરાતનાં બધાં માસિકોમાં શ્રેષ્ઠ છે એમ અમે માનીએ છીએ.

પુસ્તકાલય

આવા પત્રના આપ ગ્રાહક નહિ થાઓ ?

સ્વતી ✱ ગ્રન્થ

મુદ્રક છાપનાર : વસંત પ્રિ. પ્રેસ : અમદાવ